# જાન્યુઆરી–૨૦૨૧ થી માર્ચ–૨૦૨૧

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.અને તારીખ |
|---|---|---|
| ૧૭<br>તા.૨૩/૧૧/૨૦૨૦ | અરજદારશ્રી શ્રી સંદિપ એ. ખંબાયત ધ્વારા મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ધ્વારા હોટલો અને રેસ્ટોરેન્ટમાં પારદર્શકતા ગુજરાત સરકારના પરિપત્ર જાહેર કરવામાં આવેલ છે. હોટલોમાં ગ્રાહક રસોઈયાને જોઈ શકે એવા પારદર્શક કાચ અથવા જાળી લગાવવામાં આવેલ હોય તો તે હોટેલ અથવા રેસ્ટોરેન્ટની આપના વિભાગ ધ્વારા લેવામાં આવેલ ફોટો અથવા વિડિયો સીડી આપશો વિગેરે કુલ–૦૩ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૩<br>તા.૦૧/૦૧/૨૦૨૧ |
| ૧૮<br>તા.૨૩/૧૧/૨૦૨૦ | અરજદારશ્રી કૃણાલ હરીશભાઈ સુર્યવંશી ધ્વારા મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકા તરફથી કોવિડ–૧૯ કોરોના મહામારીમાં શહેરીજનોને કુલ કેટલા પ્રમાણમાં કાઢો, ઉકાળો, માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું? કોણે–કોણે અને કયાં–કયાં વિસ્તારમાં તેનું વિતરણ કરવામાં આવ્યું હતું? તે ખરીદી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ હતું? તે તમામ ચીજ–વસ્તુની ખરીદીના બીલો આપવા.વિગેરે કુલ–૦૬ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૬<br>તા.૧૧/૦૧/૨૦૨૧ |
| ૧૯<br>તા.૦૪/૧૨/૨૦૨૦ | અરજદારશ્રી શ્રી તલ્હા ચાંદીવાલા ધ્વારા મુદ્દા નં. (૧) કોરોના સમય દરમિયાન ડોકટરો અને નર્સો સિવાયના કોવિડ–૧૯ એરિયા સિવાયના હોય (નોન કોવિડ એરિયા)માં સુરત મહાનગરપાલિકા ધ્વારા સવારનો નાસ્તો, બપોરનો ભોજન, રાત્રિ ભોજન માટે આપેલા તમામ ટેન્ડર, વર્ક ઓર્ડર, ઠરાવની માહિતીની નકલો આપો. (૨) નોન કોવીડમાં કુલ કેટલી સંખ્યામાં સ્ટાફ હતો અને કેટલા સ્ટાફનો સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત મહાનગપાલિકાના અધિકારીઓને નાસ્તો, બપોરનો ભોજન, રાત્રિ ભોજન આપવામાં આવતો હતો તેની તમામ માહિતીની નકલો આપો વિગેરે કુલ–૧૩ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૨<br>તા.૦૧/૦૧/૨૦૨૧ |
| ૨૦<br>તા.૦૫/૧૨/૨૦૨૦ | અરજદારશ્રી પરીક્ષીતભાઈ ભીમજીભાઈ રાઠોડ ધ્વારા (૧) સુરત શહેરના જહાંગીરપુરા કુરૂક્ષેત્ર સ્મશાનભુમિ બાંધવાનો કયાં ટ્રસ્ટને સોપવામાં આવ્યું છે? તેની શરતો અને બોલીઓ તથા કરેલ હુકમની પ્રમાણિત નકલો આપવા વિનંતી.(૨) ઉપરોકત સ્મશાનભુમિની ચતુર્સિમાં કયાં કયાં સમાજના અને કઈ જાતિના લોકોનો વસવાટ આવેલ છે, તેની વિગતો આપવા વિનંતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૫<br>તા.૧૧/૦૧/૨૦૨૧ |
| ૨૧<br>તા.૦૮/૧૨/૨૦૨૦ | અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા ધ્વારા મુદ્દા નં. (૧) કોરોના સમય દરમિયાન ડોકટરો અને નર્સો સિવાયના કોવિડ–૧૯ એરિયા સિવાયના હોય (નોન કોવિડ એરિયા)માં સુરત મહાનગરપાલિકા ધ્વારા સવારનો નાસ્તો, બપોરનો ભોજન, રાત્રિ ભોજન માટે આપેલા તમામ ટેન્ડર, વર્ક ઓર્ડર, ઠરાવની માહિતીની નકલો આપો. વિગેરે કુલ–૦૫ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/<br>તા.૨૩/૧૨/૨૦૨૦ |

| અપીલ નં. /વર્ષ | માહિતીનું વિષય વસ્તુ | હુકમ નં.અને તારીખ |
|---|---|---|
| ૨૨<br>તા.૧૧/૧૨/૨૦૨૦ | અરજદારશ્રી ગૌતમભાઈ સોલંકી ધ્વારા મુદ્દા નં. અરજીથી **(એ)** સુરત મહાનગરપાલિકા માં કયા વોર્ડમાં કેટલી નાની મોટી હોસ્પિટલો અને દવાખાના (ખાનગી તથા સરકારી) તેના નામ અને સરનામાં ફોન નંબર સહિતની યાદી આપવી. **(બી)** સુરત મહાનગરપાલિકાના હેલ્થ ખાતા તરફથી છેલ્લા ૨ વર્ષમાં હોસ્પિટલો તથા દવાખાનામાં કયારે કયારે અને કયા અધિકારીએ ચેકિંગ કર્યુ તેની યાદી અને આ ચેકીગ દરમિયાન કસુરવાર હોસ્પિટલો તથા દવાખાના હોય તો તેની સામે કયા કાયદાકીય પગલાં ભર્યા તેની વિગત આપવી. વિગેરે કુલ–૦૩ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૩૮<br>તા.૧૨/૦૧/૨૦૨૧ |
| ૨૩<br>તા.૧૯/૦૧/૨૦૨૧ | અરજદારશ્રી દિનેશભાઈ સી. ઠક્કર ધ્વારા મુદ્દા નં. (૧) SMC એપ પરની કમ્પ્લેઈન નં. 777/8202013631, તા.૨૭/૦૨/૨૦૨૦ જેમાં ફુડ ઈન્સ્પેકટરશ્રીએ TAKEN & GIVEN NOTICE જવાબ આપીને કમ્પ્લેઈન બંધ કરી દીધી છે, તો જે નોટિસ આપી છે, તેની નકલ અને સેમ્પલ લેતી વખતે પંચનામુ સાક્ષીની કાર્યવાહીના કાગળોની નકલ તેમજ હવે તો લેબોરેટરીનો રિપોર્ટ પણ આવી ગયો હશે તો તેની દરેકની નકલ આપવા વિનંતી વિગેરે કુલ–૦૨ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૪૦<br>તા.૦૫/૦૨/૨૦૨૧ |
| ૨૪<br>તા.૨૬/૦૨/૨૦૨૧ | અરજદારશ્રી પંકજ કાંતિભાઈ બવાડીયા ધ્વારા મુદ્દા નં. (૧) ડી. સુરત સબ ડીઃ સુરત સીટીના મોજે : ફુલપાડાના રે.સ.નં.૧૪ પૈકીમાં આયોજીત ટી.પી. નં.૧૫માં બાંધવામાં આવેલ શારદા વિહાર સોસાયટીમાં બાંધવામાં આવેલ દુકાનો પૈકી કેટલી દુકાનોમાં ફુડ સેફટી એકટ અન્વયે ફુડ સેફટી લાયસન્સ લેવામાં આવેલ છે અથવા સદર પૈકી કેટલા સ્ટોલધારક કે દુકાન ધારકોએ તે માટે અરજી કરેલી છે. તે તમામની નામ, સરનામા, નોંધણી નંબરના પુરાવા સહિતની વિગતવાર આર.ટી.આઈ. અંતર્ગત માહિતી આપશોજી. વિગેરે કુલ–૦૩ મુદ્દાઓની માહિતી માંગેલ હતી. | જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/૪૨<br>તા.૩૧/૦૩/૨૦૨૧ |

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/25/2020, Dt.23/11/2020
આરોગ્ય વિભાગ.

**અરજદાર** :– શ્રી સંદિપ એ. ખંબાયત.

**સામાવાળા**:– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૦૭/૧૧/૨૦૨૦નારોજ જાહેર અપીલ અધિકારી ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) સુરત મહાનગર સેવા સદન,મુગલીસરાને ઉદ્દેશીને પ્રથમ અપીલ અરજી કરેલ, જેઅપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને ચીફ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૧૪૫૪, તા.૨૩/૧૧/૨૦૨૦ થી અત્રેના વિભાગને અપીલ અંગેની કાર્યવાહી માટે મોકલેલ, જે અત્રેના વિભાગનેતા.૨૩/૧૧/૨૦૨૦ ના રોજ પ્રાપ્ત થયેલ છે.અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજીમાં " અધુરી માહિતી અને માહિતી ભટકવા માટે આપેલ " હોવાનું કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલછે.

ઉકત અપીલ અરજી સાથે સામેલતુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૦૮/૧૦/૨૦૨૦ (આઈ.ડી.નં.૨૫૫)ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ધ્વારા હોટલો અને રેસ્ટોરેન્ટમાં પારદર્શકતા ગુજરાત સરકારના પરિપત્ર જાહેર કરવામાં આવેલ છે. હોટલોમાં ગ્રાહક રસોઈયાને જોઈ શકે એવા પારદર્શક કાચ અથવા જાળી લગાવવામાં આવેલ હોય તો તે હોટેલ અથવા રેસ્ટોરેન્ટની આપના વિભાગ ધ્વારા લેવામાં આવેલ ફોટો અથવા વિડિયો સીડી આપશો. (૨) આવા હોટલો અથવા રેસ્ટોરેન્ટમાં પારદર્શકતા નહીં હોય અને તમારા વિભાગ ધ્વારા કાર્યવાહી કરેલી હોય તો સદર રજુવાળા સંપુર્ણ નકલ આપશો. જો આપના વિભાગ ધ્વારા આવા હોટલોને નોટિસો આપેલ હોય અને તાકીદનો પત્ર હોય તો તેની નકલ આપશો.(૩)જે હોટલો અને રેસ્ટોરન્ટમાં સોલીડ વેસ્ટની પ્રક્રિયાની સંપુર્ણ માહિતી આપશો. આવા હોટલો અને રેસ્ટોરેન્ટને સોલીડ વેસ્ટનો નિકાલ કરવામાં નિષ્ફળ ગયેલ હોય તો તેની સામે જે પણ કાર્યવાહી આપના વિભાગ ધ્વારા કરવામાં આવેલ હોય તો તેની સંપુર્ણ લેખિત માહિતી સંપુર્ણ રેકર્ડ વિગેરે બાબતેની માહિતી માંગેલ હોવાનું જણાય છે.

ઉકત અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અનેચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગનેઅરજદારશ્રીની નમુના "ક" નીતા.૦૮/૧૦/૨૦૨૦ (આઈ.ડી.નં.૨૫૫)ની અરજી તેઓના વિભાગને મળેલ ન હોવાનું જણાવેલ છે. જે પરત્વેઅરજદારશ્રી ધ્વારા જાહેર માહિતી અધિકારીએઅમને માહિતી પુરી પાડેલ નથી. અધુરી માહિતી અને ભટકાવા માટેના પ્રયત્ન કરવામાં આવેલ છે. આમ સેવામાં ખામી અને બેદરકારી દાખવી માહિતી મેળવવામાં અમારા અધિકારમાં અવરોધ ઉભો કરેલ હોવાનું જણાવીપ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અનેચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગની રજુઆતને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજી નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની નમુના "ક" ની તા.૦૮/૧૦/૨૦૨૦ (આઈ.ડી.નં.૨૫૫)ની અરજીથી માંગવામાં આવેલ માહિતી સબબ ફુડ વિભાગને અરજી મળેલ ન હોવાનું જણાવેલ હોય પ્રથમ અપીલ અરજી અન્વયે ઉકત વિગતે અરજદારશ્રી મારફત મળેલ તેઓની નમુના– 'ક'ની ઝેરોક્ષ અરજી આ સાથે સામેલ રાખવામાં આવેલ છે. જે અન્વયે સદર આર.ટી.આઈ. એકટની કલમ ૭(૬) અન્વયે અત્રેની જાણ હેઠળ દિન–૧૦માં અરજદારશ્રીને ફુડ વિભાગને લાગત મુદ્દાઓ પરત્વે વિનામુલ્યે માહિતી પુરી પાડવા/પ્રત્યુત્તર પાઠવવા, જયારે અરજીના અન્ય મુદ્દાઓ માટે લાગત જાહેર સત્તામંડળને દિન–૦૫માં તબદીલ કરવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગને હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા.

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/26/2020, Dt.23/11/2020.**
**આરોગ્ય વિભાગ.**

**અરજદાર** :– શ્રી કૃણાલ હરીશભાઈ સુર્યવંશી.

**સામાવાળા**:– જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. જતુંનાશક અધિકારીશ્રી,વી.બી.ડી.સી.વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રીધ્વારા તા.૨૦/૧૧/૨૦૨૦ના રોજ જાહેર માહિતી અપીલ સત્તાધિકારીશ્રી, ડે.કમિશ્નરશ્રી, મુખ્ય કચેરી, મુગલીશરા સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. જંતુનાશક અધિકારી,વી.બી.ડી.સી. વિભાગના પત્ર નં.વી.બી.ડી.સી. પીએચડી/આઈ.ઓ./આઉટ/૧૮૩૫, તા.૨૩/૧૧/૨૦૨૦થી જરૂરી કાર્યવાહી અર્થે અત્રેના વિભાગને મોકલેલ, જેતા.૨૩/૧૧/૨૦૨૦ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીની નમુના–'ક' આર.ટી.આઈ. ની અરજીના અનુસંધાને માંગેલ માહિતી અન્વયે " જાહેર માહિતી અધિકારી પાસે માંગેલ માહિતી મુદ્દા નં.૧ થી ૫ પૈકી મુદ્દા નં.૨ અને ૩ની માહિતી આપેલ, પરંતુ મુદ્દા નં.૩ની માહિતી અધુરી આપવામાં આવેલ. શહેરમાં છાંટવા માટે બેકટેરીયલ દવા કુલ ૫૦૦૦ લીટર ખરીદ કરેલ તે ખરીદીના બીલની માહિતી આપવામાં આવેલ નથી. જેથી ખરીદીના બીલની માહિતી આપવી. "એમજણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૯/૧૦/૨૦૨૦ (આઈ.ડી.નં. ૨૯૯)ની નમુના 'ક' ની અરજીજાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી તથા જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી ધ્વારા અનુક્રમે તા.૨૨/૧૦/૨૦૨૦ તથા તા.૨૮/૧૦/૨૦૨૦ના રોજ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.જંતુનાશક અધિકારી, વી.બી.ડી.સી. વિભાગને તબદીલ કરેલ હતી.અરજદારશ્રીની ઉકત નમુના–'ક' ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકા તરફથી કોવિડ–૧૯ કોરોના મહામારીમાં શહેરીજનોને કુલ કેટલા પ્રમાણમાં કાઢો, ઉકાળો, માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું? કોણે–કોણે અને કયાં–કયાં વિસ્તારમાં તેનું વિતરણ કરવામાં આવ્યું હતું? તે ખરીદી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ હતું? તે તમામ ચીજ–વસ્તુની ખરીદીના બીલો આપવા.(૨) કોવિડ–૧૯ કોરોના મહામારીમાં સેનીટાઈઝર અથવા કોરોના સામે રક્ષણ આપવા હેતુ માટેની ચીજ–વસ્તુઓ પાછળ સુરત મનપાએ કરેલ કુલ ખર્ચની માહિતી આપવી. (૩) કોવિડ–૧૯ કોરોના મહામારીમાં સુરત મનપાએ શહેરમાં છાંટવા માટે તથા કર્મચારીના વપરાશ માટે કેટલું સેનીટાઈઝર ખરીદી કરેલ તેની માહિતી આપવી. તે ખરીદી કરેલ સેનીટાઈઝરના બીલોની માહિતી આપવી. તે સેનીટાઈઝરોની ફાળવણી ઝોન વાઈસ કેટલી કરવામાં આવેલ હતી તેની માહિતી આપવી.(૪) કોરોના મહામારીમાં સુરત મનપાએ સામાજીક સંસ્થા તથા વ્યકિતગત તથા કંપની/પેઢી મારફતે કુલ મળેલ નાણાકીય સહાય/દાનની તથા તેઓ તરફથી મળેલ ચીજ–વસ્તુઓની માહિતી આપવી. (૫) સુકો–ભીનો કચરો નાંખવા માટેના ડસ્ટબીનો શહેરમાં મુકવામાં આવેલ તે ભંગાળ થઈ ગયેલ હોવાથી તે ડસ્ટબીનો કોણે વેચાણ કરવામાં આવેલ તેની માહિતી આપવી, તે વેચાણ બાદ તેની કેટલી રકમ મળેલ તેની માહિતી આપવી વિગેરેકુલ–૦૫ મુદ્દાઓની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ હતી.

ઉકત આર.ટી.આઈ.ની અરજી અન્વયેજાહેરમાહિતી અધિકારી અનેઈ.ચા.જંતુનાશક અધિકારી, વી.બી.ડી.સી. વિભાગધ્વારા પત્ર નં.પીએચડી/આઈઓ/૧૭૦૭, તા.૦૪/૧૧/૨૦૨૦ના રોજ વી.બી.ડી.સી. વિભાગને લાગત અરજીના મુદ્દા નં.૨ અને ૩ પરત્વેઅરજદારશ્રીને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, જે મુજબ મુદ્દા નં.૨પરત્વે " વી.બી.ડી.સી. ખાતા ધ્વારા કોવિડ–૧૯ કોરોના મહામારીમાં Broad Spectrum anti bacterial દવાનો કુલ ખર્ચ રૂ.૨૧,૭૫,૦૦૦/–

તથા દવા છાંટવા માટે કુલ ૧૧૫ પંપ ખરીદેલ તેના રૂા.૨,૪૯,૫૦૦/– નો ખર્ચ થયેલ છે " તથા મુદ્દા નં.૩ પરત્વે" વી.બી.ડી.સી. ખાતા ધ્વારા શહેરમાં છાંટવા માટે Broad Spectrum anti bacterial દવા કુલ ૫,૦૦૦ લીટર ખરીદી કરેલ અને અગાઉનાં ૫૧૦ લીટર જથ્થો હતો, જેની ઝોન વાઈસ ફાળવેલ લીટરની માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે"તે મુજબના પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. જે પાઠવેલ પ્રત્યુત્તર પરત્વે અરજદારશ્રી ધ્વારા " જાહેર માહિતી અધિકારી પાસે માંગેલ માહિતી મુદ્દા નં.૧ થી ૫ પૈકી મુદ્દા નં. ૨ અને ૩ની માહિતી આપેલ, પરંતુ મુદ્દા નં.૩ની માહિતી અધુરી આપવામાં આવેલ. શહેરમાં છાંટવા માટે બેકટેરીયલ દવા કુલ ૫૦૦૦ લીટર ખરીદ કરેલ તે ખરીદીના બીલની માહિતી આપવામાં આવેલ નથી. જેથી ખરીદીના બીલની માહિતી આપવી." તેમ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી કરેલ રજુઆત તથા ઈ.ચા.જંતુનાશક અધિકારી, વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૧૯/૧૦/૨૦૨૦(આઈ.ડી.નં.૨૯૯)થી માંગવામાં આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અનેઈ.ચા. જંતુનાશક અધિકારી, વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ઉકત વિગતે તેઓના વિભાગને લાગત મુદ્દાનં.૨ અને ૩ માટે સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. જે મુજબ ઉકત વિગતે મળેલ અપીલ અરજીમાં જણાવ્યાનુંસાર મુદ્દા નં.૩ માટે અરજદારશ્રી ધ્વારા સેનીટાઈઝર ખરીદીના બીલ અને ફાળવણી અંગેની માહિતી માંગેલ,જે પૈકી જાહેર માહિતી અધિકારી ધ્વારા ફકત સેનીટાઈઝરની ઝોન વાઈસ ફાળવણી અંગેની માહિતી આપેલ હોવાનું જણાય છે, પરંતુ સેનીટાઈઝર ખરીદીના બીલ અંગેની માહિતી પુરી પાડેલ ન હોય, આ હુકમ મળ્યેના દિન–૦૫માં વિના મુલ્યે અરજદારશ્રીને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. જંતુનાશક અધિકારી, વી.બી.ડી.સી. વિભાગને હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર– ૧૦–એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા.

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.) અને
એપેલેટ ઓફીસર
સુરતમહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/27/2019, Dt.04/12/2019**
**મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ**

**અરજદાર :**– શ્રી તલ્હા ચાંદીવાલા.

**સામાવાળા :**–જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)વિભાગ,
સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૦૧/૧૨/૨૦૨૦ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકિઝ.આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૨૯૧, તા.૦૧/૧૨/૨૦૨૦થી અન્ય અપીલ અધિકારીશ્રીઓ સહિત અત્રેના વિભાગને તબદીલ કરેલ હતી, જે અપીલ અરજી અત્રેના વિભાગમાં ઈનવર્ડ નં. SMC/PHD/FAP/27/2020, તા.૦૪/૧૨/૨૦૨૦ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની તા.૨૮/૧૦/૨૦૨૦ની અપીલ અરજીથી ''જાહેર માહિતી અધિકારી તરફથી અમોને નિયત સમયગાળા દિન ૩૦માં માગ્યા મુજબની માહિતી મળેલ નથી આજદિન સુધી નિરીક્ષણ આપેલ નથી અને કોઈ યોગ્ય જવાબ કે માહિતી મળેલ નથી'' એમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

અરજદારશ્રીની નમુના–'ક' ની મુળ અરજી, જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર સહિત તબદીલી પત્ર તથા ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીની તા.૨૮/૧૦/૨૦૨૦ (આઈ.ડી.નં.૧૨૩૮)ના રોજની અરજી એકસીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/૧૨૩૮, તા.૨૯/૧૦/૨૦૨૦ અન્ય વિભાગો સહિત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)વિભાગને પણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે, જે અરજીથી (૧) કોરોના સમય દરમિયાન ડોકટરો અને નર્સો સિવાયના કોવિડ–૧૯ એરિયા સિવાયના હોય (નોન કોવિડ એરિયા)માં સુરત મહાનગરપાલિકા ધ્વારા સવારનો નાસ્તો, બપોરનો ભોજન, રાત્રિ ભોજન માટે આપેલા તમામ ટેન્ડર, વર્ક ઓર્ડર, ઠરાવની માહિતીની નકલો આપો. (૨) નોન કોવીડમાં કુલ કેટલી સંખ્યામાં સ્ટાફ હતો અને કેટલા સ્ટાફનો સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત મહાનગપાલિકાના અધિકારીઓને નાસ્તો, બપોરનો ભોજન, રાત્રિ ભોજન આપવામાં આવતો હતો તેની તમામ માહિતીની નકલો આપો. (૩) અરજીના મુદ્દા નં.૦૨ માં જણાવ્યા મુજબ તમામ અધિકારી, કર્મચારીઓના નામ, કર્મચારી નંબર, હોદ્દો અને કઈ–કઈ જગ્યાએ કોરોના સમયે નોન કોવિડ એરિયામાં ફરજ પર હાજર હતા અને કઈ–કઈ કામગીરી સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ તેની માહિતીની નકલો આપો વિગેરે કુલ–૧૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. જે અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/આઉટ/૯૨, તા.૨૫/૧૧/૨૦૨૦થી તેઓના વિભાગને લાગત મુદ્દા નં.૧૧(આંશીક) '' સમરસ કોવિડ કેર સેન્ટરમાં ફરજ પર હાજર તમામ અધિકારીઓના નામ, હોદ્દા, કર્મચારી નંબરોની માહિતી આપો'' ની માંગેલ માહિતી પરત્વે '' પ્રસ્તુત મુદ્દાથી માંગવામાં આવેલ માહિતી બાબતે જણાવવાનું કે, નામ.ગુજરાત રાજય માહિતી આયોગના માન.રાજય માહિતી કમિશ્નરશ્રી ધ્વારા એક આર.ટી.આઈ. અરજી સંદર્ભે નામ.સુપ્રિમ કોર્ટના સિવિલ અપીલ નં.૨૨ ઓફ ૨૦૦૯ કનેરા બેંક વર્સીસ સી.એસ. શ્યામ એન્ડ અધર તા.૩૧/૦૮/૧૭ ના ચુકાદાનું અનુંસંધાન લઈ તા.૦૨/૦૨/૨૦૧૯ ના રોજ કરેલ હુકમમાં ખુબ જ સ્પષ્ટપણે જણાવેલ છે કે કલેરીકલ સ્ટાફ અને કર્મચારીઓની અંગત બાબતો, નોકરીમાં જોડાયા તારીખ, બઢતીની વિગત, કચેરીમાં જોડાયાની તારીખ, ટ્રાન્સફરના હુકમો વિગેરે તેમની અંગત માહિતી છે. આ પ્રકારની માહિતી એ જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે, જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત થાય છે, જેથી માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ઠ) હેઠળ જાહેર કરી શકાય નહી તેમજ આ મુજબની માહિતીમાં જાહેર હિત સમાયેલું હોવુ જોઈએ. અરજદારશ્રી આવી માહિતી પોતાના અધિકાર તરીકે માંગી શકે નહી તે બાબતો ધ્યાને લેતા અરજદારશ્રી ધ્વારા પ્રસ્તુત મુદ્દાની માંગવામાં આવેલ માહિતીમાં કોઈ પણ પ્રકારનું જાહેર હિત સમાયેલ હોવાનું પ્રસ્થાપિત થતુ નથી કે અરજદારશ્રી ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ નથી તેમજ માંગવામાં આવેલ સમગ્ર માહિતી જે તે કર્મચારી અને તેમના નોકરીદાતા વચ્ચેની છે જે કામગીરી સેવા નિયમો હેઠળ નિયંત્રિત હોય, તે બાબતો ધ્યાને લેતા પ્રસ્તુત

મુદ્દાથી માંગ્યા મુજબની માહિતી આર.ટી.આઈ. એકટ કલમ ૮(૧)(ઠ) મુજબ ત્રાહિત પક્ષકારને પુરી પાડવા જોગ નથી. આ બાબતે રાજય માહિતી આયોગના ઉકત હુકમની નકલ અવલોકનાર્થે આ સાથે સામેલ રાખેલ છે " તે મુજબનો પ્રત્યુત્તર આપેલ હોવાનું જણાય છે.

ઉકત આર.ટી.આઈ.ની અરજી અન્વયે પુરો પાડવામાં આવેલ પ્રત્યુત્તર પરત્વે અરજદારશ્રી ધ્વારા અરજી સંબંધે માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી તેઓએ ભ્રષ્ટ્રાચાર આચરેલ હોય તેવું જણાય છે. તેથી બદઆશય પુર્વક માહિતી છુપાવેલ છે અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી. નિયમ સમય મર્યાદામાં કે બાદમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ માહિતી કે પ્રતિભાવ પાઠવવામાં ના આવતા નિયમો અનુસાર વિનામુલ્યે માહિતીની નકલો મેળવવા અપીલ કરેલ છે. સદર માહિતી ખુબ જ મહત્વની હોવા છતાં જાહેર માહિતી અધિકારીએ અમોને પૂર્વ યોજના મુજબ આજદિન સુધી કોઈપણ માહિતી આપેલ નથી. તેમજ માહિતીના જવાબો ન આપી ગેરમાર્ગે દોરવામાં આવે છે અને જાહેર માહિતી અધિકારીએ માહિતી અધિકારનો અનાદર કરેલ છે અને કાયદાનું પાલન કરવામાં કોઈપણ દેખીતા કારણ વગર નિષ્ફળ ગયા છે. માંગ્વામાં આવેલી માહિતી હજુ સુધી મળી નથી. સાચી માહિતી નહી આપી તે માહિતી છુપાવવાનો પ્રયાસ કરાયો હોય તેવું સાબિત થાય છે સાથે જ માહિતી નહી આપવાની બાબતે વિભાગમાં થયેલ ભ્રષ્ટ્રાચારને ઉજાગર કરવામાં આવે તો સુરત મહાનગરપાલિકાની તિજોરીને થયેલ નુકશાની પણ ખુલ્લી પડે તેમ છે. વધુમાં સદર માહિતી આપવા જાહેર માહિતી અધિકારીને માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ ૭(૬) હેઠળ દિન–૦૭ માં વિનામુલ્યે આપવામાં આવે અને ભવિષ્યમાં માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અન્વયે આવતી માહિતી અરજી અંગે કાયદાનું યોગ્ય અને સમયસર પાલન કરવા જાહેર માહિતી અધિકારીને હુકમ કરવા માટે અરજદારશ્રી તરફથી તેઓની પ્રથમ અપીલ અરજી પરત્વે દાદ માંગેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી કરેલ રજુઆત અને માંગેલ દાદ, તેમજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૨૮/૧૦/૨૦૨૦ (આઈ.ડી.નં.૧૨૩૮)ની અરજીથી માંગવામા આવેલ માહિતી અન્વયે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા તેઓના વિભાગને મુદ્દા નં. ૧૧ (આંશીક) પરત્વે સમરસ કોવિડ કેર સેન્ટરમાં ફરજ પર હાજર તમામ અધિકારીઓના નામ, હોદ્દા, કર્મચારી નંબરો અંગેની માંગવામાં આવેલ માહિતી આપવાનો આથી ઈન્કાર કરવામાં આવે છે તથા તેટલા પુરતી માહિતી આપવાનો ઈન્કાર કરવા સબબ વ્યાજબીપણું પ્રસ્થાપિત કરી, આર.ટી.આઈ.એકટની કઈ કલમ હેઠળ આ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે તે પણ આધાર સહિત સુચિત કરેલ હોય, જે તર્કસંગત જણાતું હોય, વળી સદર માહિતીમાં કોઈ જાહેર હિત સમાયેલું હોવાનું જણાતું ન હોય, પ્રસ્તુત બાબતે કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું જણાતું ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૧/૨૦૨૧

પર્સોનેલ ઓફિસર અને
એપેલેટ ઓફિસર
મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગ

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.SMC/PHD/FAP/30/2020, Dt.12/06/2020
આરોગ્ય વિભાગ

અરજદારઃ— શ્રી પરીક્ષીતભાઈ ભીમજીભાઈ રાઠોડ.
સામાવાળાઃ— જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક,જન્મ—મરણ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ અપીલ અધિકારીશ્રી, કમિશ્નર સાહેબશ્રી, મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અપીલ અધિકારી અને મુખ્ય હિસાબનીશ, હિસાબી ખાતુ, સુરત મહાનગરપાલિકા ધ્વારા અત્રેના વિભાગને તબદીલ કરેલ હતી, જે અત્રે તા.૦૫/૧૨/૨૦૨૦ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીએ પ્રથમ અપીલ અરજીથી મને મળેલ માહિતી અધુરી, અસ્પષ્ટ તેમજ ગેરમાર્ગે દોરનાર હોય તેમ છે તથા માંગ્યા મુજબના ફોર્મેટમાં મળેલ ન હોવાથી આકારણી વસુલાત જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ હોવાથી અપીલ અરજી કરેલ છે. જે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.પ્રથમ શ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી ધ્વારા પત્ર નં.સી./એફ.એ.પી./૪૦, તા.૧૨/૧૧/૨૦૨૦ થી વેસ્ટ(રાંદેર) ઝોન પ્રતિ પણ તબદીલ થયેલ હોવાનું જણાય છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીએ નમુના "ક" ની તા.૦૬/૧૦/૨૦૨૦ (આઈ.ડી. નં.૨૬૧)ની અરજીથી (૧) સુરત શહેરના જહાંગીરપુરા કુરૂક્ષેત્ર સ્મશાનભુમિ બાંધવાનો કયાં ટ્રસ્ટને સોપવામાં આવ્યું છે? તેની શરતો અને બોલીઓ તથા કરેલ હુકમની પ્રમાણિત નકલો આપવા વિનંતી.(૨) ઉપરોકત સ્મશાનભુમિની ચતુર્સિમાં કયાં કયાં સમાજના અને કઈ જાતિના લોકોનો વસવાટ આવેલ છે, તેની વિગતો આપવા વિનંતી. (૩) ઉપરોકત સ્મશાનભુમિના બાંધકામ માટે ટ્રસ્ટને સુરત મહાનગરપાલિકા ધ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી તેના રકમ અને ગ્રાન્ટના હુકમોની પ્રમાણિત નકલો આપવા વિનંતી આમ કુલ—૦૩ મુદ્દાઓની માહિતી માંગેલ હતી,જે અરજી ડે.એકાઉન્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, હિસાબી વિભાગ ધ્વારાપત્ર નં.એકા./આર.ટી.આઈ./આઉટ/૧૪૭, તા.૧૭/૧૦/૨૦૨૦ થી જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જન્મ મરણ વિભાગ, રૂમ નં.૯, સુરત મહાનગરપાલિકાને તબદીલ કરેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત અપીલ અરજી અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જન્મ મરણ વિભાગ, (રૂમ નં.૯) પ્રતિ પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન—૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેના વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૨૫, તા.૧૪/૧૨/૨૦થી જણાવવામાં આવેલ, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જન્મ મરણ વિભાગ, (રૂમ નં.૯) ધ્વારા પત્ર નં.પીએચડી/એમઆર/૩૧૨, તા.૧૭/૧૨/૨૦થી પુર્તતા રજુ કરેલ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જન્મ મરણ વિભાગ ધ્વારા અરજદારશ્રીને પત્ર નં.પીએચડી/એમ.આર/ આઉટ/૨૬૮/૧, તા.૧૨/૧૧/૨૦૨૦ થી તેઓના વિભાગને લાગત મુદ્દા નં.૧ થી ૩ પરત્વે સમયમર્યાદાબાદ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, જે મુજબ મુદ્દા નં. ૧ થી ૨ પરત્વે " આપે માંગ્યા મુજબની માહિતી અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી." અને મુદ્દા નં.૩ પરત્વે " સ્મશાનભુમિના બાંધકામ માટે ટ્રસ્ટને સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી." તે મુજબનો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જન્મ—મરણ વિભાગ ધ્વારા

પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૦૬/૧૦/૨૦૨૦ (આઈ.ડી. નં.૨૬૧) નમુના–'ક' ની આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી માંગતી અરજી અન્વયે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા મુજબ જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષક, જન્મ–મરણ વિભાગ ધ્વારા અરજદારશ્રીની ઉકત નમુના–'ક' ની અરજી પરત્વે માહિતી પુરી પાડેલ / પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાતું હોય તથા સદર અપીલ અરજીમાં દર્શાવેલ નારાજગીનું કારણ આકારણી વસુલાત અધિકારીના નિર્ણયથી નારાજ હોવાનું જણાવેલ હોય તથા અપીલ અરજી સંબંધિત ઝોનને તબદીલ થયાનું જણાતું હોય વિગેરે હકીકતો ધ્યાને લેતા, અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું / કોઈ હસ્તક્ષેપ કરવાનું રહેતું હોવાનું કોઈ કારણ જણાતું નથી, અરજદારશ્રીની સદર અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૧/૨૦૨૧

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/31/2019, Dt.08/12/2019
આરોગ્ય વિભાગ

**અરજદાર :–** શ્રી તલ્હા ચાંદીવાલા.
**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારી, વેકશીનેશન વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૦૧/૧૨/૨૦૨૦ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને એક્ઝિ.આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સી.સી.સી./સી.ઝોન/આઉટ/૨૯૧, તા.૦૧/૧૨/૨૦૨૦થી અન્ય અપીલ અધિકારીશ્રીઓ સહિત વેકશીનેશન વિભાગ પ્રતિ તબદીલ કરેલ હતી, જે આર.ટી. આઈ.ની અરજી, આપેલ પ્રત્યુત્તર તથા અપીલ અરજી વિગેરે તુમારો સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી, જે અત્રે તા.૦૭/૧૨/૨૦૨૦ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીની તા.૨૮/૧૦/૨૦૨૦ની અપીલ અરજીથી "જાહેર માહિતી અધિકારી તરફથી અમોને નિયત સમયગાળા દિન ૩૦માં માગ્યા મુજબની માહિતી મળેલ નથી આજદિન સુધી નિરીક્ષણ આપેલ નથી અને કોઈ યોગ્ય જવાબ કે માહિતી મળેલ નથી" એમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

અરજદારશ્રીની નમુના–'ક' ની મુળ અરજી, જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર સહિત તથા ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીની તા.૨૮/૧૦/૨૦૨૦ (આઈ.ડી.નં.૧૨૩૮)ના રોજની અરજી એકસીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્રના પત્ર નં.સીસીસી/સી.ઝેડ/આરટીઆઈ/ આઉટ/૧૨૩૮, તા.૨૯/૧૦/૨૦૨૦ અન્ય વિભાગો સહિત જાહેર માહિતી અધિકારી અનેઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારી, વેકશીનેશન વિભાગને પણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે, જે અરજીથી (૧) કોરોના સમય દરમિયાન ડોકટરો અને નર્સો સિવાયના કોવિડ–૧૯ એરિયા સિવાયના હોય (નોન કોવિડ એરિયા)માં સુરત મહાનગરપાલિકા ધ્વારા સવારનો નાસ્તો, બપોરનો ભોજન, રાત્રિ ભોજન માટે આપેલા તમામ ટેન્ડર, વર્ક ઓર્ડર, ઠરાવની માહિતીની નકલો આપો. (૨) નોન કોવીડમાં કુલ કેટલી સંખ્યામાં સ્ટાફ હતો અને કેટલા સ્ટાફનો સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત મહાનગપાલિકાના અધિકારીઓને નાસ્તો, બપોરનો ભોજન, રાત્રિ ભોજન આપવામાં આવતો હતો તેની તમામ માહિતીની નકલો આપો. (૩) અરજીના મુદ્દા નં.૦૨ માં જણાવ્યા મુજબ તમામ અધિકારી, કર્મચારીઓના નામ, કર્મચારી નંબર, હોદ્દો અને કઈ–કઈ જગ્યાએ કોરોના સમયે નોન કોવિડ એરિયામાં ફરજ પર હાજર હતા અને કઈ–કઈ કામગીરી સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ તેની માહિતીની નકલો આપો વિગેરે કુલ–૧૩ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. જે અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારી, વેકશીનેશન વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/વીએસસી/ ૬૫૬, તા.૧૨/૧૧/૨૦૨૦થી તેઓના વિભાગની માહિતી " નીલ " છે અને આપેલ જવાબથી સંતોષ ન હોય તો રૂબરૂમાં વેકશીનેશન બ્રાંચની કચેરી, લખપતિ શહેરી આરોગ્ય કેન્દ્ર અને મેટરનીટી હોમનાં ત્રીજા માળે, નાણાવટ, સુરત ખાતે આવી વધુ સ્પષ્ટતા મેળવી લેવા તે મુજબનો પ્રત્યુત્તર આપેલ હોવાનું જણાય છે.

ઉકત આર.ટી.આઈ.ની અરજી અન્વયે પુરો પાડવામાં આવેલ પ્રત્યુત્તર પરત્વે અરજદારશ્રી ધ્વારા અરજી સંબંધે માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની અતિ મહત્વની માહિતી છુપાવી તેઓએ ભ્રષ્ટ્રાચાર આચરેલ હોય તેવું જણાય છે. તેથી બદઆશય પુર્વક માહિતી છુપાવેલ છે અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી. નિયમ સમય મર્યાદામાં કે બાદમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા કોઈ માહિતી કે પ્રતિભાવ પાઠવવામાં ના આવતા નિયમો અનુસાર વિનામુલ્યે માહિતીની નકલો મેળવવા અપીલ કરેલ છે. સદર માહિતી ખુબ જ મહત્વની હોવા છતાં જાહેર માહિતી અધિકારીએ અમોને પૂર્વ યોજના મુજબ આજદિન સુધી કોઈપણ માહિતી આપેલ નથી. તેમજ માહિતીના જવાબો ન આપી ગેરમાર્ગે દોરવામાં આવે છે અને જાહેર માહિતી અધિકારીએ

માહિતી અધિકારનો અનાદર કરેલ છે અને કાયદાનું પાલન કરવામાં કોઈપણ દેખીતા કારણ વગર નિષ્ફળ ગયા છે. માંગ્વામાં આવેલી માહિતી હજુ સુધી મળી નથી. સાચી માહિતી નહી આપી તે માહિતી છુપાવવાનો પ્રયાસ કરાયો હોય તેવું સાબિત થાય છે સાથે જ માહિતી નહી આપવાની બાબતે વિભાગમાં થયેલ ભ્રષ્ટ્રાચારને ઉજાગર કરવામાં આવે તો સુરત મહાનગરપાલિકાની તિજોરીને થયેલ નુકશાની પણ ખુલ્લી પડે તેમ છે.

વધુમાં સદર માહિતી આપવા જાહેર માહિતી અધિકારીને માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ ૭(૬) હેઠળ દિન–૦૭ માં વિનામુલ્યે આપવામાં આવે અને ભવિષ્યમાં માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અન્વયે આવતી માહિતી અરજી અંગે કાયદાનું યોગ્ય અને સમયસર પાલન કરવા જાહેર માહિતી અધિકારીને હુકમ કરવા માટે અરજદારશ્રી તરફથી તેઓની પ્રથમ અપીલ અરજી પરત્વે દાદ માંગેલ છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી કરેલ રજુઆત અને માંગેલ દાદ, તેમજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૨૮/૧૦/૨૦૨૦ (આઈ.ડી.નં.૧૨૩૮)થી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ. ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારી, વેકશીનેશન વિભાગ ધ્વારા ઉકત વિગતે અરજદારશ્રીને માહિતી પુરી પાડવામાં આવેલ હોય, આમ તમામ હકીકત ધ્યાને લેતાં અરજદારની અપીલ અરજી પરત્વે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું / કોઈ હસ્તક્ષેપ કરવાનું રહેતું હોવાનું કોઈ કારણ જણાતું ન હોય અરજદારશ્રીની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદારશ્રી જો ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીશ્રી પાસે આગોતરા સમય મેળવી માંગેલ માહિતી બાબતે વધુ સ્પષ્ટતાં મેળવી લેવા સ્વતંત્ર છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૧/૨૦૨૧

આરોગ્ય અધિકારી અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/32/2020, Dt.12/12/2020.
આરોગ્ય વિભાગ

અરજદાર :– શ્રી ગૌતમભાઈ સોલંકી.
સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન, બીજો માળ,સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૦૪/૧૨/૨૦૨૦ના રોજ મ્યુ. કમિશ્નરશ્રી, અપીલ અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસી. એન્ડ મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્રનં.સીસીસી/સેન્ટ્રલઝોન/આઉટ/૨૯૯, તા.૦૪/૧૨/૨૦૨૦ થી અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન પ્રતિ તબદીલ કરેલ હતી. જે આર.ટી.આઈ.ની અરજી તથા અપીલ અરજી સામેલ રાખી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ હતી, જે અત્રે તા.૧૧/૧૨/૨૦૨૦ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીની તા.૦૧/૧૦/૨૦૨૦ની આર.ટી.આઈ.ની અરજી (આઈ.ડી.નં.૯૧૧)ના અનુસંધાને અરજદારશ્રી ધ્વારા તેઓએ માંગેલ માહિતી દરેક ઝોનના આરોગ્ય વિભાગે પુરી ન પાડેલ હોવાનું જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની તા.૦૧/૧૦/૨૦૨૦(આઈ.ડી.નં.૯૧૧)ની આર.ટી.આઈ.ની અરજીથી **(એ)** સુરત મહાનગરપાલિકા માં કયા વોર્ડમાં કેટલી નાની મોટી હોસ્પિટલો અને દવાખાના (ખાનગી તથા સરકારી) તેના નામ અને સરનામાં ફોન નંબર સહિતની યાદી આપવી. **(બી)** સુરત મહાનગરપાલિકાના હેલ્થ ખાતા તરફથી છેલ્લા ૨ વર્ષમાં હોસ્પિટલો તથા દવાખાનામાં કયારે કયારે અને કયા અધિકારીએ ચેકિંગ કર્યુ તેની યાદી અને આ ચેકીગ દરમિયાન કસુરવાર હોસ્પિટલો તથા દવાખાના હોય તો તેની સામે કયા કાયદાકીય પગલાં ભર્યા તેની વિગત આપવી. **(સી)** હોસ્પિટલો તથા દવાખાના ખોલવા માટેના નીતિ નિયમો અને શરતો. **(ડી)** હોસ્પિટલો તથા દવાખાના ખોલ્યા પછીના નીતિ નિયમો અને શરતો વિગેરે બાબતની કુલ–૦૮ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી.

અરજદારશ્રીની અપીલ અરજી અનુસંધાને આરોગ્ય વિભાગના જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન) પ્રતિ પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેના વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ /આરટીઆઈ/અપીલ/૨૬, તા.૧૪/૧૨/૨૦૨૦ મુજબ જણાવવામાં આવેલ હતું, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (સેન્ટ્રલ ઝોન) ધ્વારા પત્ર નં. સીઝેડ/ના.આ.અધિ/આઉટ/૨૪૧, તા.૧૭/૧૨/૨૦૨૦ ના રોજ પુર્તતા રજુ કરી જણાવેલ છે કે, ઉકત અરજદારશ્રીની તા.૦૧/૧૦/૨૦૨૦ ની આર.ટી.આઈ.ની અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ચીફ એસ.આઈ., તમામ ઝોન તથા જાહેર માહિતી અધિકારી અને આસી. જતુંનાશક અધિકારી, તમામ ઝોન પ્રતિ તબદીલ કરવામાં આવેલ હતી તેમજ જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી(સેન્ટ્રલ ઝોન) ધ્વારા અરજીના મુદ્દા.નં.સી અને ડી પરત્વેની માહિતી પત્ર નં.સીઝેડ/ના.આ.અધિ/ આઉટ/૨૨૫, તા.૧૩/૧૧/૨૦૨૦ થી પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. જે મુજબ મુદ્દા નં.સી અને ડી અન્વયે " હોસ્પિટલ ખોલવા અંગેના કોઈ નીતિ નિયમ હાલના સમયમાં નકકી કરવામાં આવેલ નથી ફકત અને ફકત હોસ્પિટલ રજીસ્ટ્રેશન અંગેની કામગીરી સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવે છે, તેમ છતાં આપશ્રી suratmunicipal.gov.in/hrs વેબસાઈટ પરથી માહિતી મેળવી શકો છો તે મુજબનો પ્રત્યુત્તર પુરો પાડેલ હોવાનું જણાય છે. અરજદારશ્રી ધ્વારા તેઓએ માંગેલ માહિતી દરેક ઝોનના આરોગ્ય વિભાગે પુરી ન પાડેલ હોવાનું જણાવી તા.૦૪/૧૨/૨૦૨૦ના રોજ નારાજગી દર્શાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે જે અપીલ અરજી અન્વયે અત્રેથી પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/ અપીલ૩૦, તા.૩૦/૧૨/૨૦૨૦ના રોજ અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, તમામ ઝોન પ્રતિ આંશીક તબદીલ કરેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી,અપીલ અરજી સંદર્ભે અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર અને તબદીલી પત્ર વિગેરેને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૦૧/૧૦/૨૦૨૦(આઈ.ડી.નં.૯૧૧)ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે

જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન વિભાગ ધ્વારા તેઓના વિભાગને લાગત મુદ્દાઓની માહિતી અરજદારશ્રીને પુરી પાડેલ હોવાનું તથા આર.ટી.આઈ. હેઠળની નમુના–'ક'ની અરજીથી માંગેલ માહિતીના જે મુદ્દાઓ તેઓના વિભાગને લાગત ન જણાતા તે મુદ્દાઓ માટે સંબંધિત લાગત ઝોન/વિભાગ પ્રતિ અરજદારશ્રીની અરજી તેઓની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. વધુમાં, અરજદારશ્રીએ પ્રથમ અપીલ અરજીથી દરેક ઝોનના આરોગ્ય વિભાગ પરત્વે નારાજગી દર્શાવેલ, જે પરત્વે સદર અપીલ અરજી અત્રેના વિભાગ ધ્વારા તા.૩૦/૧૨/૨૦૨૦ થી તમામ ઝોનને અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરેલ હોય, અરજદારશ્રીની અપીલ અરજી પરત્વે અત્રેના વિભાગ ધ્વારા વધુ કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું જણાતી નથી, જે ધ્યાને લઈ પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણભવનની પાછળ,સેકટર–૧૦/એ,ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/
તા. /૦૧/૨૦૨૧

ડે.કમિશ્નર(હે.અને.હો)અને
એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં. SMC/PHD/FAP/35/2021,Dt.19/01/2021**
**આરોગ્ય વિભાગ**

**અરજદાર** :– શ્રી દિનેશભાઈ સી. ઠક્કર
**સામાવાળા** :– જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૦૮/૦૧/૨૦૨૧ના રોજ જાહેર અપીલ સત્તાધિકારીશ્રી, ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) સુરત મહાનગરપાલિકા, સુરતને ઉદ્દેશીને કરેલ પ્રથમ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા અપીલ અંગેના તુમારો સામેલ રાખી પત્રનં.પીએચડી/ફુડ/૨૨૫૯, તા.૧૮/૦૧/૨૦૨૧ના રોજ અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ, જે અત્રેના વિભાગને તા.૧૯/૦૧/૨૦૨૧ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીની સદર પ્રથમ અપીલ અરજીથી " અધુરી માહિતી આપેલ તેમજ માહિતી છુપાવવામાં આવેલ " અંગેનું કારણ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" ની તા.૦૫/૧૨/૨૦૨૦ (આઈ.ડી.નં.૧૪૯૦)ની અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પિટલ)ને ઉદ્દેશીને કરેલ હતી, જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૧૪૯૦, તા.૦૭/૧૨/૨૦૨૦ થી બીજી શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી, કમ્પ્લેઈન મેનેજમેન્ટ સેલ તથા ફુડ ઈન્સ્પેકટર અને જાહેર માહિતી અધિકારી, ફુડ વિભાગ પ્રતિ સંપુર્ણ તબદીલ કરેલ હતી. ઉકત અરજીથી અરજદારશ્રી ધ્વારા અલથાણ ટેનામેન્ટમાં ભેળસેળવાળી પાણીપુરી અને ખાદ્ય પ્રદાર્થો સોશીયલ ડીસ્ટન્સ જાળવવા વગર વેચે છે છતાં પણ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી, તેની માહિતી સહિત મુદ્દા નં.(૧) SMC એપ પરની કમ્પ્લેઈન નં. 777/8202013631, તા.૨૭/૦૨/૨૦૨૦ જેમાં ફુડ ઈન્સ્પેકટરશ્રીએ TAKEN & GIVEN NOTICE જવાબ આપીને કમ્પ્લેઈન બંધ કરી દીધી છે, તો જે નોટિસ આપી છે, તેની નકલ અને સેમ્પલ લેતી વખતે પંચનામુ સાક્ષીની કાર્યવાહીના કાગળોની નકલ તેમજ હવે તો લેબોરેટરીનો રિપોર્ટ પણ આવી ગયો હશે તો તેની દરેકની નકલ આપવા વિનંતી.(૨) SMC એપ પરની કમ્પ્લેઈન નં.777/8201973323, તા.૦૧/૧૧/૨૦૧૯ SMC એપ પરની કમ્પ્લેઈન નં.555/4201963286, તા.૧૮/૧૦/૨૦૧૯, SMC એપ પરની કમ્પ્લેઈન નં.777/8201814874, તા.૧૯/૦૫/૨૦૧૮, SMC એપ પરની કમ્પ્લેઈન નં. 777/8201724951, તા.૧૫/૧૦/૨૦૧૭ બધી જ કમ્પ્લેઈનમાં ઉપર મુજબના જવાબ આપીને કમ્પ્લેઈન બંધ કરી દીધી છે. કોઈ કાર્યવાહી સ્થળ ઉપર જોવાઈ નથી. ભટાર અલથાણ વોર્ડમાં આવા ભષ્ટ્રચારીઓના દલાલોને ભાડુ આપનારાઓ ઉપર કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી અને હાલમાં આટલી મહામારીમાં પણ રોડ વચ્ચે બિન્દાસ ઉભા રહીને લગભગ દશેક જણ ખાદ્ય વસ્તુ વેચે છે જેમને આરોગ્ય ખાતાનું લાયસન્સ લેવું પડતું નથી અને સોશીયલ ડીસ્ટન્ટ અને હાયજેનીક જાળવવું પડતું નથી અને રાત્રે કચરો રોડ ઉપર જ ફેંકી જાય છે. રોજ સાંજે ૫ થી રાત્રે ૯ સુધી આ બધું નજરો નજર જોઈ શકાય છે પણ દલાલોની ધાકથી કોઈ કાર્યવાહી કરતું નથી. આપનાથી થઈ શકે તો યોગ્ય કાર્યવાહી કરવા નમ્ર વિનંતી અને મુદ્દા નં.૦૧નો આર.ટી.આઈ. એકટ મુજબ દરેકની નકલો આપવા નમ્ર વિનંતી વિગેરે બાબતેની માહિતી માંગેલ હોવાનું જણાય છે. જે અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૨૦૦૪, તા.૨૧/૧૨/૨૦૨૦ના રોજ " અત્રેના ઉપ્લબ્ધ રેકર્ડ મુજબ આપશ્રીની જણાવેલ ફરિયાદોના અનુસંધાનમાં અત્રેથી કરેલ કામગીરીની નકલો મેળવવા કુલ–૦૯ પાનામાં પાના દીઠ રૂ.૦૨/– લેખે રૂ.૧૮/– આ વિભાગ/કચેરીમાં

રકમ જમા કરાવ્યા પછી નકલ મેળવી લેવા વિનંતી." તે મુજબનો સમયમર્યાદામાં પ્રસ્તાવ આપેલ હોવાનું જણાય છે. જે મુજબ અરજદારશ્રી ધ્વારા તા.૨૮/૧૨/૨૦૨૦ના રોજ રસીદ નં.૩૦૦/૮૦થી નાણાં ભરપાઈ કરતાં જાહેર માહિતી અધિકારી અને ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૨૦૭૯, તા.૨૯/૧૨/૨૦૨૦ના રોજ તેઓના વિભાગ ધ્વારા કરવામાં આવેલ કામગીરી અને લીધેલા નમુનાના રીપોર્ટની કુલ—૦૯ નકલો પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ માહિતી પરત્વે અને ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા કમ્પ્લેઈનની કાર્યવાહીની નકલો આપી નથી. વધુમાં પુરી પાડવામાં આવેલ નકલોમાં બિન જરૂરી સિકકા મારીને માહિતી વંચાય નહી તેમ છુપાવવાનો પ્રયાસ કરેલ હોય, સેમ્પલ લીધેલાનો પંચનામું આપેલ નથી. ફુડ સેફટી ગાઈડલાઈનનો અમલ થયેલ નથી વિગેરે અન્ય રજુઆતો સાથે તા.૦૮/૦૧/૨૦૨૧ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૦૫/૧૨/૨૦૨૦ (આઈ.ડી.નં.૧૪૯૦)ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબજાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીની ઉકત નમુના—'ક' ની અરજી પરત્વે તેઓના વિભાગને લાગત મુદ્દાઓની માહિતી માટે આપેલ પ્રસ્તાવ સંદર્ભે માહિતીની નકલો પુરી આપેલ હોવાનું જણાય છે, પરંતુ અરજદારશ્રીને પુરી પાડવામાં આવેલ નકલો ઉપર મારેલ સિકકાને કારણે માહિતી સ્પષ્ટ રીતે વાંચી શકાય તેમ હોવાનું જણાતું ન હોય, જેથી અરજદારશ્રીને માહિતી સબબની નકલો માહિતી સ્પષ્ટ રીતે વાંચી શકાય તે મુજબ વિનામુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે. જયારે અરજદારશ્રી ધ્વારા અપીલ અરજીથી કરેલ અન્ય રજુઆતો ફરિયાદલક્ષી જણાતી હોય, જે આર.ટી.આઈ. એકટના વ્યાપની બહાર હોવાનું જણાય છે. અરજદારશ્રી જો ઈચ્છુક હોય તો આ બાબતે અલગથી જે તે સક્ષમ સત્તાને ફરીયાદ/રજુઆત કરવા સ્વતંત્ર છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ,નિર્માણ ભવનની પાછળ,સેકટર—૧૦/એ,ગાંધીનગરને દિન—૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૨/૨૦૨૧

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.)અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/36/2021, Dt.26/02/2021**
**આરોગ્ય વિભાગ**

**અરજદાર** :— શ્રી પંકજ કાંતિભાઈ બવાડીયા
**સામાવાળા** :— જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૧૯/૦૨/૨૦૨૧ના રોજ અપીલ સત્તાધિકારી, ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ), સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને પ્રથમ અપીલ અરજી કરેલ, જે અરજી જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર ધ્વારા અપીલ અંગેના તુમારો સામેલ રાખી પત્ર નં. પીએચડી/ફુડ/ ૪૨૧૨, તા.૨૪/૦૨/૨૦૨૧ થી અત્રેના વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મોકલેલ, જે તા.૨૬/૦૨/૨૦૨૧ ના રોજ અત્રેના વિભાગને પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીએ સદર પ્રથમ અપીલ અરજીથી "તા.૨૮/૦૧/૨૦૨૧ ના રોજની અરજીનો અપૂર્ણ/અસંગત જવાબ મળેલ હોવાથી" અંગેનું કારણ જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીએ નમુના "ક" ની તા.૨૯/૧૨/૨૦૨૦(આઈ.ડી.નં.૬૪૬)ની અરજી જાહેર માહિતી અધિકારી, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરેલ હતી, જે અરજી જાહેર માહિતી અધિકારી અને આસી.લો ઓફિસરશ્રી, પૂર્વ(વરાછા)ઝોન, સુરત મહાનગરપાલિકાના પત્ર નં.ઈસ્ટઝોન/આરટીઆઈ સેલ/જાવક નં.૧૪૭૨, તા.૦૫/૦૧/૨૦૨૧ થી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ચીફ ફુડ ઈન્સ્પેકટરશ્રી, ફુડ વિભાગ પ્રતિ સંપુર્ણ તબદીલ કરેલ હતી. ઉકત અરજીથી અરજદારશ્રી ધ્વારા (૧) ડી. સુરત સબ ડીઃ સુરત સીટીના મોજે : ફુલપાડાના રે.સ.નં.૧૪ પૈકીમાં આયોજીત ટી.પી. નં.૧૫માં બાંધવામાં આવેલ શારદા વિહાર સોસાયટીમાં બાંધવામાં આવેલ દુકાનો પૈકી કેટલી દુકાનોમાં ફુડ સેફટી એકટ અન્વયે ફુડ સેફટી લાયસન્સ લેવામાં આવેલ છે અથવા સદર પૈકી કેટલા સ્ટોલધારક કે દુકાન ધારકોએ તે માટે અરજી કરેલી છે. તે તમામની નામ, સરનામા, નોંધણી નંબરના પુરાવા સહિતની વિગતવાર આર.ટી.આઈ. અંતર્ગત માહિતી આપશોજી. (૨) ડી. સુરત સબ ડીઃ સુરત સીટીના મોજે : ફુલપાડાના રે.સ.નં.૧૪ પૈકીમાં આયોજીત ટી.પી. નં.૧૮માં બાંધવામાં આવેલ સિધ્ધી વિનાયક એપાર્ટમેન્ટમાં બાંધવામાં આવેલ દુકાનો પૈકી કેટલી દુકાનોમાં ફુડ સેફટી એકટ અન્વયે ફુડ સેફટી લાયસન્સ લેવામાં આવેલ છે અથવા સદર પૈકી કેટલા સ્ટોલધારક કે દુકાન ધારકોએ તે માટે અરજી કરેલી છે. તે તમામની નામ, સરનામા, નોંધણી નંબરના પુરાવા સહિતની વિગતવાર આર.ટી.આઈ. અંતર્ગત માહિતી આપશોજી.(૩) ડી. સુરત સબ ડીઃ સુરત સીટીના મોજે : ફુલપાડાના રે.સ.નં.૧૪ પૈકીમાં આયોજીત ટી.પી. નં.૧૫માં બાંધવામાં આવેલ સહજાનંદ એપાર્ટમેન્ટમાં બાંધવામાં આવેલ દુકાનો પૈકી કેટલી દુકાનોમાં ફુડ સેફટી એકટ અન્વયે ફુડ સેફટી લાયસન્સ લેવામાં આવેલ છે અથવા સદર પૈકી કેટલા સ્ટોલધારક કે દુકાન ધારકોએ તે માટે અરજી કરેલી છે. તે તમામની નામ, સરનામા, નોંધણી નંબરના પુરાવા સહિતની વિગતવાર આર.ટી.આઈ. અંતર્ગત માહિતી આપવા વિગેરે કુલ—૦૩ મુદ્દાઓની માહિતી માંગેલ હોવાનું જણાય છે.

ઉકત નમુના—'ક' ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૨૩૫૪, તા.૨૮/૦૧/૨૦૨૧ના રોજ મુદ્દા નં.૧ અને ૩ પરત્વે "અત્રેના ઉપ્લબ્ધ રેકર્ડ મુજબ સદર સ્થળે આવેલ કોઈપણ સંસ્થા ધ્વારા લાયસન્સ માટે અરજી કરવામાં આવેલ નથી" જયારે મુદ્દા નં.૨ પરત્વે "અત્રેના ઉપ્લબ્ધ રેકર્ડ મુજબ સદર સ્થળે આવેલ સિધ્ધેશ્વર ફરસાણ માર્ટને ફુડ લાયસન્સ નં.૧૦૭૧૫૦૩૧૦૦૦૦૮૧ આપેલ છે." તે મુજબનો પ્રત્યુત્તર સમયમર્યાદામાં પાઠવેલ હોવાનું જણાય છે. સદર પાઠવેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અરજદારશ્રીએ તા.૧૯/૦૨/૨૦૨૧ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

**સામાવાળા**:–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૧૬/૦૬/૨૦૨૦ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, ડે.કમિશ્નરશ્રી, હેલ્થ અને હોસ્પિટલ, મુગલીસરા અને અન્ય અપીલ અધિકારીશ્રીઓને ઉદ્દેશીને પ્રથમ અપીલ અરજી કરેલ, જે કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારી, નોર્થઝોન(કતારગામ) ધ્વારા પત્ર નં.એન.ઝેડ./આર.ટી.આઈ.સેલ/આઉટ/૪૬, તા.૨૨/૦૬/૨૦૨૦ થી અન્ય અપીલ અધિકારી સહિત અત્રેના વિભાગને પણ તબદીલ કરવામાં આવેલ છે. અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજીમાં " પ્રત્યુત્તર ન મળેલ " હોવાનું કારણ જણાવી નારાજ થઈ નમુના–'ક' ની અરજી કર્યાના **૯૬** દિવસ બાદ પ્રથમ અપીલ અરજી કરેલ, જે અત્રેના વિભાગને તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" નીતા.૧૨/૦૩/૨૦૨૦ (આઈ.ડી.નં.૧૫૭૪)ની અરજીથી મુદ્દા નં. (૧) સાઉથ ઝોન વિસ્તારમાં આવેલ પેકેજડ ડ્રિંકીંગ વોટરનું તેમજ મિનરલ વોટર ઉત્પાદન કરતી તમામ સંસ્થાઓની નામાવલી, સંસ્થાનું એડ્રેસ, મોબાઈલ સાથેની તમામ માહિતી આપવી. (૨) સદર ઝોનમાં હાલમાં કુલ કેટલી સંસ્થાઓ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્સ (BIS) સર્ટીફીકેટ તથા આરોગ્ય અને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્સ એકટ–૨૦૦૬ અન્વયેનાં લાઈસન્સ ધરાવતા હોય તેમજ ગુમાસ્તાધારાનું લાઈસન્સ હોય તેવા તમામની નામાવલીની યાદી સરનામાં સાથે આપવી.(૩) BISનાં નીતિ–નિયમોની વિસ્તૃત માહિતી આપવી. (૪)BISનાં નીતિ–નિયમો વિરૂધ્ધ પ્લાન્ટ ચલાવતાં હોય તેની સામે કાયદાકીય જે પગલાં ભરી શકાય તેની માહિતી આપવી. (૫) સદર ઝોનમાં BISવગરનાં કુલ કેટલા પેકેજડ ડ્રિંકીંગ વોટરનું (નોન BIS) ઉત્પાદન કરે છે તે સંસ્થાનાં નામ,સરનામું, મોબાઈલ સાથેની માહિતી આપવી.(૬) મુદ્દા નં.૫ (પાંચ) મુજબ તમામનાં આજદિન સુધી સુરત મહાનગરપાલિકાનાં અધિકારીઓ ધ્વારા કાયદાકીય પગલાં ભર્યા હોય તો તેની માહિતી આપવી. (૭) સદર ઝોનમાં પેકેજડ ડ્રિંકીંગ વોટરનું ઉત્પાદન તમામ સંસ્થાઓની ફાયર સેફટી અંગેની NOC નકલ આપવી.(૮) સદર ઝોનમાં તમામ સંસ્થાઓ ધ્વારા બોરિંગ વ્યવસ્થા કરવામાં આવી હોય તે અંગેની NOC નકલ આપવી. (૯) મુદ્દા નં. ૮(આઠ) મુજબ આ તમામ સંસ્થાઓને બોરિંગ પરમીશન કયારે આપી તે સંસ્થાનું નામ, તારીખ, મહિનો, વર્ષની માહિતી આપવી તેમજ બોરિંગ પરમીશન લેટરની તમામની નકલ આપવી. (૧૦) સદર ઝોનમાં આજદિન સુધી બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્સ વગર તેમજ ફાયર સેફટી વગર કાર્યરત સામે સુરત મહાનગરપાલિકાનાં અધિકારીઓશ્રી ધ્વારા સ્થળ તપાસની તારીખ તેમજ જે તે કાર્યવાહી કરવામાં આવી હોય તે અંગેની માહિતી આપવી અને કાર્યવાહી કરી હોય તે સંસ્થાનું નામ, સરનામું આપવું. (૧૧) સદર ઝોનમાં આજદિન સુધીમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા સીલ મારવામાં આવ્યું હોય તેમનું નામ, એડ્રેસ તેમજ જે તે તારીખે સીલ કર્યું હોય તેમની વિગત અને હાલમાં આ પ્લાન્ટ તે જગ્યાએ શરૂ હોય કે બંધ તેમની માહિતી આપવી. (૧૨)BIS વગર ચાલતાં પ્લાન્ટની ફરિયાદ કોને કરવી તેમનું નામ, સરનામું, ટેલીફોન નંબર આપવું. (૧૩) પ્રથમ અપીલ અધિકારીશ્રીનાં નામ, નંબર, સરનામાં, મોબાઈલ નંબર,ઈ મેલ એડ્રેસની વિગતો આપવી વિગેરે બાબતેની માહિતી માંગેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજીના અનુસંધાનેજાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ પ્રતિ પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેના વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૦૫, તા.૦૬/૦૭/૨૦૨૦ થી જણાવવામાં આવેલ, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૪૧૯, તા.૦૯/૦૭/૨૦૨૦ના રોજ પુર્તતા રજુ કરી તેમાં જણાવ્યાનુંસાર ઉકત અરજદારશ્રીની નમુના–ક ની અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, નોર્થઝોન(કતારગામ) ધ્વારા પત્ર નં.આર.ટી.આઈ સેલ/આઉટ/૩૬૭૮, તા.૧૩/૦૩/૨૦૨૦થી (૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સાઉથ(ઉધના) ઝોન, (૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ચીફ ફાયર ઓફિસરશ્રી, ફાયર અને ઈમરજન્સી વિભાગ અને (૩) જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઓફિસરશ્રી, ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ,જે પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા સદર નમુના–ક ની અરજી પત્ર નં.પી.એચ.ડી./ફુડ/૪૫૦૯, તા.૧૭/૦૩/૨૦૨૦થી ડાયરેકટરશ્રી, બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડસ, અમદાવાદને આંશિક મુદ્દાઓ માટે તબદીલ કરેલ હોવાનું જણાય છે, જયારે ફુડ વિભાગને લાગત મુદ્દાઓ પરત્વે પત્ર નં.પી.એચ.ડી./ફુડ/૪૬૩૧, તા.૩૧/૦૩/૨૦૨૦થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.જે મુજબ મુદ્દા નં.૧ અને ૨ પરત્વે " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ સુરત શહેરનાં સાઉથ ઝોન વિસ્તારમાં બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાનડર્ડસ(BIS) તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયેનાં લાઈસન્સ ધરાવતાં પેકેજડ ડ્રિંકીંગ વોટરનું ઉત્પાદન/વેચાણ કરતી સંસ્થાઓની માહિતીનું પત્રક સામેલ છે " તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે, જયારે મુદ્દા નં.૫ પરત્વે " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ આજની સ્થિતીએ સદર ઝોનમાં બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાનડર્ડસ(BIS) તથા ફુડ સેફટી એન્ડ સ્ટાનડર્ડસ એકટ–૨૦૦૬ અન્વયેનાં લાઈસન્સ વિનાનાં પેકેજડ ડ્રિંકીંગ વોટર પ્લાન્ટની માહિતી પત્રક સામેલ છે." મુદ્દા નં. ૬ ,૧૦(આંશિક) તથા ૧૧ની માહિતી માટે "અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અગાઉ અત્રેથી તા.૧૨/૦૪/૨૦૧૮, તા.૧૮/૦૫/૨૦૧૮ અને તા.૨૫/૦૨/૨૦૧૯ના રોજની મહેરબાન કમિશ્નર સાહેબની મંજુરીથી બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ(BIS) તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયેનાં લાઈસન્સ વિનાનાં પેકેજડ ડ્રિંકીંગ વોટર પ્લાન્ટોને સીલ કરવામાં આવેલ, જેની માહિતી તેમજ હાલની સ્થિતિ અંગેની માહિતીનું પત્રક સાથે સામેલ છે. (પત્રક–ક)" ઉપરાંત મુદ્દા નં. ૧૩(આંશિક) માટે " આર.ટી.આઈ. એકટની કલમ–૪(૧)ખ મુજબની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.SURATMUNICIPAL.GOV.IN માં આર.ટી.આઈ. પ્રોએકટીવ ડીસ્કલોઝરમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જે પરથી આપ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો " તે

મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ તેમજ સાથે પત્રક બિડાણ કરેલ હોવાનું જણાય છે. ઉપરાંત મુદ્દા નં. ૩,૪,૭,૮,૯ તથા ૧૨ માટે અન્ય સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓને અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૧૨/૦૩/૨૦૨૦ (આઈ.ડી.નં.૧૫૭૪)ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અનેચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીની ઉકત નમુના—'ક' ની અરજીપરત્વે તેઓના વિભાગને લાગત મુદ્દાઓની માહિતી પુરી પાડેલ / પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે અન્ય મુદ્દાઓથી માંગેલ માહિતીના મુદ્દાઓતેઓના વિભાગને લાગત જણાતા ન હોય અને જે જાહેર સત્તામંડળને લાગત હોવાનું જણાતા તે સંબંધિત લાગત વિભાગોને અરજદારશ્રીની નમુના—'ક' ની અરજીઅરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ થયેલ હોવાનું જણાતું હોય, અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજી પરત્વે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું / કોઈ હસ્તક્ષેપ કરવાનું રહેતું હોવાનું કોઈ કારણ જણાતું ન હોય, અરજદારશ્રીની સદર અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર—૧૦/એ,ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/ ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.) અને
તા. /૦૭/૨૦૨૦ એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/09/2020, Dt.30/06/2020
આરોગ્ય વિભાગ.

**અરજદાર** :–શ્રી અણઘણ હાર્દિક અને કે.એમ. ગજેરા.

**સામાવાળા**:–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૧૬/૦૬/૨૦૨૦ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, ડે.કમિશ્નરશ્રી, હેલ્થ અને હોસ્પિટલ, મુગલીસરા અને અન્ય અપીલ અધિકારીશ્રીઓને ઉદ્દેશીને પ્રથમ અપીલ અરજી કરેલ, જે કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારી, નોર્થઝોન(કતારગામ) ધ્વારા પત્ર નં.એન.ઝેડ./આર.ટી.આઈ.સેલ/આઉટ/૪૩, તા.૨૨/૦૬/૨૦૨૦ થી અન્ય અપીલ અધિકારી સહિત અત્રેના વિભાગને પણ તબદીલ કરવામાં આવેલ છે. અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજીમાં " પ્રત્યુત્તર ન મળેલ " હોવાનું કારણ જણાવી નારાજ થઈ નમુના–'ક' ની અરજી કર્યાના **૧૦૫** દિવસ બાદ પ્રથમ અપીલ અરજી કરેલ, જે અત્રેના વિભાગને તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" નીતા.૦૩/૦૩/૨૦૨૦ (આઈ.ડી.નં.૧૫૩૪)ની અરજીથી મુદ્દા નં.(૧) કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ પેકેજડ ડ્રિંકીગ વોટરનું તેમજ મિનરલ વોટર ઉત્પાદન કરતી તમામ સંસ્થાઓની નામાવલી, સંસ્થાનું એડ્રેસ, મોબાઈલ સાથેની તમામ માહિતી આપવી. (૨) સદર ઝોનમાં હાલમાં કુલ કેટલી સંસ્થાઓ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્સ (BIS) સર્ટીફીકેટ તથા આરોગ્ય અને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્સ એકટ–૨૦૦૬ અન્વયેનાં લાઈસન્સ ધરાવતા હોય તેમજ ગુમાસ્તાધારાનું લાઈસન્સ હોય તેવા તમામની નામાવલીની યાદી સરનામાં સાથે આપવી.(૩) BISનાં નીતિ–નિયમોની વિસ્તૃત માહિતી આપવી. (૪)BISનાં નીતિ–નિયમો વિરૃધ્ધ પ્લાન્ટ ચલાવતાં હોય તેની સામે કાયદાકીય જે પગલાં ભરી શકાય તેની માહિતી આપવી. (૫) સદર ઝોનમાં BISવગરનાં કુલ કેટલા પેકેજડ ડ્રિંકીગ વોટરનું (નોન BIS) ઉત્પાદન કરે છે તે સંસ્થાનાં નામ,સરનામું, મોબાઈલ સાથેની માહિતી આપવી.(૬) મુદ્દા નં.૫ (પાંચ) મુજબ તમામનાં આજદિન સુધી સુરત મહાનગરપાલિકાનાં અધિકારીઓ ધ્વારા કાયદાકીય પગલાં ભર્યા હોય તો તેની માહિતી આપવી. (૭) સદર ઝોનમાં પેકેજડ ડ્રિંકીગ વોટરનું ઉત્પાદન તમામ સંસ્થાઓની ફાયર સેફટી અંગેની NOC નકલ આપવી.(૮) સદર ઝોનમાં તમામ સંસ્થાઓ ધ્વારા બોરિંગ વ્યવસ્થા કરવામાં આવી હોય તે અંગેની NOC નકલ આપવી. (૯) મુદ્દા નં. ૮(આઠ) મુજબ આ તમામ સંસ્થાઓને બોરિંગ પરમીશન કયારે આપી તે સંસ્થાનું નામ, તારીખ, મહિનો, વર્ષની માહિતી આપવી તેમજ બોરિંગ પરમીશન લેટરની તમામની નકલ આપવી. (૧૦) સદર ઝોનમાં આજદિન સુધી બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્સ વગર તેમજ ફાયર સેફટી વગર કાર્યરત સામે સુરત મહાનગરપાલિકાનાં અધિકારીઓશ્રી ધ્વારા સ્થળ તપાસની તારીખ તેમજ જે તે કાર્યવાહી કરવામાં આવી હોય તે અંગેની માહિતી આપવી અને કાર્યવાહી કરી હોય તે સંસ્થાનું નામ, સરનામું આપવું. (૧૧) સદર ઝોનમાં આજદિન સુધીમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા સીલ મારવામાં આવ્યું હોય તેમનું નામ, એડ્રેસ તેમજ જે તે તારીખે સીલ કર્યુ હોય તેમની વિગત અને હાલમાં આ પ્લાન્ટ તે જગ્યાએ શરૃ હોય કે બંધ તેમની માહિતી આપવી. (૧૨)BIS વગર ચાલતાં પ્લાન્ટની ફરિયાદ કોને કરવી તેમનું નામ, સરનામું, ટેલીફોન નંબર આપવું. (૧૩) પ્રથમ અપીલ અધિકારીશ્રીનાં નામ, નંબર, સરનામાં, મોબાઈલ નંબર,ઈ મેલ એડ્રેસની વિગતો આપવી વિગેરે બાબતેની માહિતી માંગેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજીના અનુસંધાનેજાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ પ્રતિ પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેના વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૦૫, તા.૦૬/૦૭/૨૦૨૦ થી જણાવવામાં આવેલ, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૪૧૯, તા.૦૯/૦૭/૨૦૨૦ના રોજ પુર્તતા રજુ કરી તેમાં જણાવ્યાનુંસાર ઉકત અરજદારશ્રીની નમુના–'ક' ની અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, નોર્થઝોન(કતારગામ) ધ્વારા પત્ર નં.આર.ટી.આઈ સેલ/આઉટ/૩૬૧૦, તા.૦૭/૦૩/૨૦૨૦થી (૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ચીફ ફાયર ઓફિસરશ્રી, ફાયર અને ઈમરજન્સી વિભાગ અને (૨) જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઓફિસરશ્રી, ફુડ વિભાગને તબદીલ કરવામાં આવેલ, જે પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા સદર નમુના–ક ની અરજી પત્ર નં.પી.એચ.ડી./ફુડ/૪૪૬૯, તા.૧૩/૦૩/૨૦૨૦થી (૧) ડાયરેકટરશ્રી, બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડસ, અમદાવાદ તથા (૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, કતારગામ ઝોનને આંશિક મુદ્દાઓ માટે તબદીલ કરેલ હોવાનું જણાય છે, જયારે ફુડ વિભાગને લાગત મુદ્દાઓ પરત્વે પત્ર નં.પી.એચ.ડી./ફુડ/૪૬૧૮, તા.૩૦/૦૩/૨૦૨૦થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.જે મુજબ મુદ્દા નં.૧ અને ૨ પરત્વે " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ સુરત શહેરનાં કતારગામ ઝોન વિસ્તારમાં બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાનડર્ડસ(BIS) તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયેનાં લાઈસન્સ ધરાવતાં પેકેજડ ડ્રિંકીગ વોટરનું ઉત્પાદન/વેચાણ કરતી સંસ્થાઓની માહિતીનું પત્રક સામેલ છે " તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે, જયારે મુદ્દા નં.૫ પરત્વે " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ આજની સ્થિતીએ સદર ઝોનમાં બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાનડર્ડસ(BIS) તથા ફુડ સેફટી એન્ડ સ્ટાનડર્ડસ એકટ–૨૦૦૬ અન્વયેનાં લાઈસન્સ વિનાનાં પેકેજડ ડ્રિંકીગ વોટર પ્લાન્ટની માહિતી પત્રક સામેલ છે." મુદ્દા નં.૬, ૧૦(આંશિક) તથા ૧૧ની માહિતી માટે "અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અગાઉ અત્રેથી તા.૧૨/૦૪/૨૦૧૮, તા.૧૮/૦૫/૨૦૧૮ અને તા.૨૫/૦૨/૨૦૧૯ના રોજની મહેરબાન કમિશ્નર સાહેબની મંજુરીથી બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ(BIS) તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયેનાં લાઈસન્સ વિનાનાં પેકેજડ ડ્રિંકીગ વોટર પ્લાન્ટોને સીલ કરવામાં આવેલ, જેની માહિતી તેમજ હાલની સ્થિતિ અંગેની માહિતીનું પત્રક સાથે સામેલ છે. (પત્રક–ક)" ઉપરાંત મુદ્દા નં.૧૩(આંશિક) માટે " આર.ટી.આઈ. એકટની કલમ–૪(૧)ખ મુજબની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.SURATMUNICIPAL.GOV.IN માં આર.ટી.આઈ. પ્રોએકટીવ ડીસ્કલોઝરમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જે પરથી આપ માહિતીનો સંદર્ભ મેળવી

શકો છો " તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ તેમજ સાથે પત્રક બિડાણ કરેલ હોવાનું જણાય છે. ઉપરાંત મુદ્દા નં.૩,૪,૭,૮,૯ તથા ૧૨ માટે અન્ય સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓને અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૦૩/૦૩/૨૦૨૦ (આઈ.ડી.નં.૧૫૩૪)ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીની ઉકત નમુના–'ક' ની અરજી પરત્વે તેઓના વિભાગને લાગત મુદ્દાઓની માહિતી પુરી પાડેલ / પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે અન્ય મુદ્દાઓથી માંગેલ માહિતીના મુદ્દાઓ તેઓના વિભાગને લાગત જણાતા ન હોય અને જે જાહેર સત્તામંડળને લાગત હોવાનું જણાતા તે સંબંધિત લાગત વિભાગોને અરજદારશ્રીની નમુના–'ક' ની અરજી અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ થયેલ હોવાનું જણાતું હોય, અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજી પરત્વે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું / કોઈ હસ્તક્ષેપ કરવાનું રહેતું હોવાનું કોઈ કારણ જણાતું ન હોય, અરજદારશ્રીની સદર અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૭/૨૦૨૦

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.) અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/10/2020, Dt.30/06/2020**
**આરોગ્ય વિભાગ.**

**અરજદાર** :–શ્રી અણધણ હાર્દિક અને કે.એમ. ગજેરા.

**સામાવાળા**:–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૧૬/૦૬/૨૦૨૦ના રોજ પ્રથમ અપીલ અધિકારીશ્રી, ડે.કમિશ્નરશ્રી, હેલ્થ અને હોસ્પિટલ, મુગલીસરા અને અન્ય અપીલ અધિકારીશ્રીઓને ઉદ્દેશીને પ્રથમ અપીલ અરજી કરેલ, જે કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારી, નોર્થઝોન(કતારગામ) ધ્વારા પત્ર નં.એન.ઝેડ./આર.ટી.આઈ.સેલ/આઉટ/૪૭, તા.૨૨/૦૬/૨૦૨૦ થી અન્ય અપીલ અધિકારી સહિત અત્રેના વિભાગને પણ તબદીલ કરવામાં આવેલ છે. અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજીમાં " પ્રત્યુત્તર ન મળેલ " હોવાનું કારણ જણાવી નારાજ થઈ નમુના–'ક' ની અરજી કર્યાના **૧૦૪** દિવસ બાદ પ્રથમ અપીલ અરજી કરેલ, જે અત્રેના વિભાગને તા.૩૦/૦૬/૨૦૨૦ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" નીતા.૦૪/૦૩/૨૦૨૦ (આઈ.ડી.નં.૧૫૪૪)ની અરજીથી મુદ્દા નં. (૧) વરાછા ઝોન એ તથા બી વિસ્તારમાં આવેલ પેકેજડ ડ્રિંકીંગ વોટરનું તેમજ મિનરલ વોટર ઉત્પાદન કરતી તમામ સંસ્થાઓની નામાવલી, સંસ્થાનું એડ્રેસ, મોબાઈલ સાથેની તમામ માહિતી આપવી. (૨) સદર ઝોનમાં હાલમાં કુલ કેટલી સંસ્થાઓ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્સ (BIS) સર્ટીફીકેટ તથા આરોગ્ય અને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્સ એકટ–૨૦૦૬ અન્વયેનાં લાઈસન્સ ધરાવતા હોય તેમજ ગુમાસ્તાધારાનું લાઈસન્સ હોય તેવા તમામની નામાવલીની યાદી સરનામાં સાથે આપવી.(૩) BISનાં નીતિ–નિયમોની વિસ્તૃત માહિતી આપવી. (૪)BISનાં નીતિ–નિયમો વિરૂધ્ધ પ્લાન્ટ ચલાવતાં હોય તેની સામે કાયદાકીય જે પગલાં ભરી શકાય તેની માહિતી આપવી. (૫) સદર ઝોનમાં BISવગરનાં કુલ કેટલા પેકેજડ ડ્રિંકીંગ વોટરનું (નોન BIS) ઉત્પાદન કરે છે તે સંસ્થાનાં નામ,સરનામું, મોબાઈલ સાથેની માહિતી આપવી.(૬) મુદ્દા નં.૫ (પાંચ) મુજબ તમામનાં આજદિન સુધી સુરત મહાનગરપાલિકાનાં અધિકારીઓ ધ્વારા કાયદાકીય પગલાં ભર્યા હોય તો તેની માહિતી આપવી. (૭) સદર ઝોનમાં પેકેજડ ડ્રિંકીગ વોટરનું ઉત્પાદન તમામ સંસ્થાઓની ફાયર સેફટી અંગેની NOC નકલ આપવી.(૮) સદર ઝોનમાં તમામ સંસ્થાઓ ધ્વારા બોરિંગ વ્યવસ્થા કરવામાં આવી હોય તે અંગેની NOC નકલ આપવી. (૯) મુદ્દા નં. ૮(આઠ) મુજબ આ તમામ સંસ્થાઓને બોરિંગ પરમીશન કયારે આપી તે સંસ્થાનું નામ, તારીખ, મહિનો, વર્ષની માહિતી આપવી તેમજ બોરિંગ પરમીશન લેટરની તમામની નકલ આપવી. (૧૦) સદર ઝોનમાં આજદિન સુધી બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્સ વગર તેમજ ફાયર સેફટી વગર કાર્યરત સામે સુરત મહાનગરપાલિકાનાં અધિકારીઓશ્રી ધ્વારા સ્થળ તપાસની તારીખ તેમજ જે તે કાર્યવાહી કરવામાં આવી હોય તે અંગેની માહિતી આપવી અને કાર્યવાહી કરી હોય તે સંસ્થાનું નામ, સરનામું આપવું. (૧૧) સદર ઝોનમાં આજદિન સુધીમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા સીલ મારવામાં આવ્યું હોય તેમનું નામ, એડ્રેસ તેમજ જે તે તારીખે સીલ કર્યુ હોય તેમની વિગત અને હાલમાં આ પ્લાન્ટ તે જગ્યાએ શરૂ હોય કે બંધ તેમની માહિતી આપવી. (૧૨)BIS વગર ચાલતાં પ્લાન્ટની ફરિયાદ કોને કરવી તેમનું નામ, સરનામું, ટેલીફોન નંબર આપવું. (૧૩) પ્રથમ અપીલ અધિકારીશ્રીનાં નામ, નંબર, સરનામાં, મોબાઈલ નંબર,ઈ મેલ એડ્રેસની વિગતો આપવી વિગેરે બાબતેની માહિતી માંગેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજીના અનુસંધાનેજાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ પ્રતિ પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેના વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૦૫, તા.૦૬/૦૭/૨૦૨૦ થી જણાવવામાં આવેલ, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૪૧૯, તા.૦૯/૦૭/૨૦૨૦ના રોજ પુર્તતા રજુ કરી તેમાં જણાવ્યાનુંસાર ઉકત અરજદારશ્રીની નમુના–'ક' ની અરજી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, નોર્થઝોન(કતારગામ) ધ્વારા પત્ર નં.આર.ટી.આઈ સેલ/આઉટ/૩૬૧૨, તા.૦૯/૦૩/૨૦૨૦થી (૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ચીફ ફાયર ઓફિસરશ્રી, ફાયર અને ઈમરજન્સી વિભાગ (૨) જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ ઓફિસરશ્રી, ફુડ વિભાગ (૩)જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, વરાછા ઝોન–એ અને (૪) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, વરાછા ઝોન–બીને તબદીલ કરવામાં આવેલ, જે પરત્વે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા સદર નમુના–ક ની અરજી પત્ર નં.પી.એચ.ડી./ફુડ/૪૫૦૭, તા.૧૭/૦૩/૨૦૨૦થી (૧) ડાયરેકટરશ્રી, બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડસ, અમદાવાદને આંશિક મુદ્દાઓ માટે તબદીલ કરેલ હોવાનું જણાય છે, જયારે ફુડ વિભાગને લાગત મુદ્દાઓ પરત્વે પત્ર નં.પી.એચ.ડી./ફુડ/૪૬૨૦, તા.૩૦/૦૩/૨૦૨૦થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.જે મુજબ મુદ્દા નં.૧ અને ૨ પરત્વે " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ સુરત શહેરનાં વરાછા ઝોન–એ અને વરાછા ઝોન–બી વિસ્તારમાં બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાનડર્ડસ(BIS) તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયેનાં લાઈસન્સ ધરાવતાં પેકેજડ ડ્રિંકીગ વોટરનું ઉત્પાદન/વેચાણ કરતી સંસ્થાઓની માહિતીનું પત્રક સામેલ છે " તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ હોવાનું જણાય છે, જયારે મુદ્દા નં.૫ પરત્વે " અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ આજની સ્થિતીએ સદર ઝોનમાં બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાનડર્ડસ(BIS) તથા ફુડ સેફટી એન્ડ સ્ટાનડર્ડસ એકટ–૨૦૦૬ અન્વયેનાં લાઈસન્સ વિનાનાં પેકેજડ ડ્રિંકીગ વોટર પ્લાન્ટની માહિતી પત્રક સામેલ છે." મુદ્દા નં.૬, ૧૦(આંશિક) તથા ૧૧ની માહિતી માટે "અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અગાઉ અત્રેથી તા.૧૨/૦૪/૨૦૧૮, તા.૧૮/૦૫/૨૦૧૮ અને તા.૨૫/૦૨/૨૦૧૯ના રોજની મહેરબાન કમિશ્નર સાહેબની મંજુરીથી બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ(BIS) તથા ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ અન્વયેનાં લાઈસન્સ વિનાનાં પેકેજડ ડ્રિંકીગ વોટર પ્લાન્ટોને સીલ કરવામાં આવેલ, જેની માહિતી તેમજ હાલની સ્થિતિ અંગેની માહિતીનું પત્રક સાથે સામેલ છે. (પત્રક–ક)" ઉપરાંત મુદ્દા નં.૧૩(આંશિક) માટે " આર.ટી.આઈ. એકટની કલમ–૪(૧)ખ મુજબની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ WWW.SURATMUNICIPAL.GOV.IN માં આર.ટી.આઈ.

પ્રોએકટીવ ડીસ્કલોઝરમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જે પરથી આપ માહિતીનો સંદર્ભ મેળવી શકો છો " તે મુજબનો પ્રત્યુત્તર પાઠવેલ તેમજ સાથે પત્રક બિડાણ કરેલ હોવાનું જણાય છે. ઉપરાંત મુદ્દા નં.૩,૪,૭,૮,૯ તથા ૧૨ માટે અન્ય સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓને અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ તરફથી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

અરજદારશ્રીની તા.૦૪/૦૩/૨૦૨૦ (આઈ.ડી.નં.૧૫૪૪)ની આર.ટી.આઈ.ની અરજીથી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીની ઉકત નમુના–'ક' ની અરજી પરત્વે તેઓના વિભાગને લાગત મુદ્દાઓની માહિતી પુરી પાડેલ / પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, જયારે અન્ય મુદ્દાઓથી માંગેલ માહિતીના મુદ્દાઓ તેઓના વિભાગને લાગત જણાતા ન હોય અને જે જાહેર સત્તામંડળને લાગત હોવાનું જણાતા તે સંબંધિત લાગત વિભાગોને અરજદારશ્રીની નમુના–'ક' ની અરજી અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ થયેલ હોવાનું જણાતું હોય, અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજી પરત્વે અત્રેથી કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી હોવાનું / કોઈ હસ્તક્ષેપ કરવાનું રહેતું હોવાનું કોઈ કારણ જણાતું ન હોય, અરજદારશ્રીની સદર અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/ — ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.) અને
તા. /૦૭/૨૦૨૦ — એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/12/2019, Dt.17/08/2020.**

**આરોગ્ય વિભાગ.**

**અરજદાર** :–શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ધીવાલા.
**સામાવાળા**:– જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, માર્કેટ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૦૫/૦૮/૨૦૨૦ના રોજ એપેલેટ ઓફિસરશ્રી, માર્કેટ વિભાગ, સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (પશ્ચિમ ઝોન–રાંદેર) ના પત્ર નં. વેસ્ટઝોન/આર.ટી.આઈ.સેલ/૭૧૭, તા.૦૭/૦૮/૨૦૨૦ થી અપીલ અધિકારી અને ડેપ્યુટી કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ)ને તબદીલ કરેલ છે, જે અપીલ અરજી જરૂરી કાર્યવાહી અર્થે અત્રેના વિભાગને તા.૧૭/૦૮/૨૦૨૦ ના રોજ પ્રાપ્ત થયેલ છે. અરજદારશ્રીની નમુના–'ક' મુજબ માંગવામાં આવેલ માહિતી આપવામાં આવેલ નથી, તેમ જણાવી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે.

અરજદારશ્રીની આર.ટી.આઈ.એક્ટ–૨૦૦૫ હેઠળની તા.૨૪/૦૬/૨૦૨૦ (આઈ.ડી.નં. ૯૪)ની અરજી આસી.લો.ઓફિસર અને સંકલન અધિકારીશ્રી, આર.ટી.આઈ.સેલ (વેસ્ટ ઝોન) ધ્વારા પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈસેલ/૨૫૦, તા.૨૫/૦૬/૨૦૨૦ના રોજ જાહેર માહિતી અધિકારી અને એડી. માર્કેટ સુપ્રિ.(માર્કેટ વિભાગ) મધ્યસ્થ કચેરીને સંપુર્ણ તબદીલ કરેલ હતી. અરજદારશ્રીની ઉકત નમુના–'ક' ની અરજીથી મુદ્દા નં. (૧) માર્કેટ સુપ્રિટેન્ડન્ટ અને કતલખાના માટે સંયુકત બજેટ ફાળવવામાં આવે છે જેની વિગત/નકલ આપવી. (૨) માર્કેટ સુપ્રિટેન્ડન્ટ અને કતલખાના માટે સંયુકત પી.એ.ડી.ની નકલ આપવી. વર્ષ ૨૦૧૯–૨૦૨૦. (૩) માર્કેટ સુપ્રિટેન્ડન્ટ અને કતલખાના માટે સંયુકત બજેટ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગત/નકલ આપવી. (૪) માર્કેટ સુપ્રિટેન્ડન્ટ અને કતલખાના ધ્વારા બહાર પાડવામાં આવેલ ટેન્ડરની વિગત આપવી વિગેરે કુલ–૦૪ મુદ્દાઓની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ હતી.

અરજદારશ્રીની અપીલ અરજી અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, માર્કેટ વિભાગ પ્રતિ પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૦૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેના વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૦૭, તા.૧૭/૦૮/૨૦૨૦ મુજબ જણાવવામાં આવેલ, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, માર્કેટ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/માર્કેટ/૪૭૭, તા.૨૧/૦૮/૨૦૨૦ના રોજ પુર્તતા કરવામાં આવેલ છે, જે મુજબ ઉકત અરજદારશ્રીની તા.૨૪/૦૬/૨૦૨૦ (આઈ.ડી.નં.૯૪)ની આરટીઆઈની અરજીના મુદ્દા નં.૧ થી ૪ પરત્વે પત્ર નં.પીએચડી/માર્કેટ/૨૮૯, તા.૦૨/૦૭/૨૦૨૦થી અરજદારશ્રીને સમયમર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે, જે મુજબ મુદ્દા નં.૧ પરત્વે " સુરત મહાનગરપાલિકાના જાહેર આરોગ્ય ખાતા સંચાલિત માર્કેટ અને કતલખાના માટે કેપીટલ ખર્ચ બી.સી.એન.ટી.–૮૧/૧૦માં રૂ.૨૭,૦૦,૦૦૦ (સત્તાવીસ લાખ) ફાળવવામાં આવેલ હોવાનું, મુદ્દા નં. ૨ પરત્વે " માર્કેટ ખાતાના "પ્રો–એકટીવ" ડિસ્કલોઝર માટેના નીતિ નિયમો, ઠરાવો, કાયદાઓ, ધારા ધોરણો વગેરે એસ.એમ.સી.ની વેબસાઈટ www.suratmunicipal.gov.in પર ઉપલબ્ધ હોવાનું", મુદ્દા નં.૩ પરત્વે માંગેલ માહિતી વિસ્તૃત પ્રકારની હોય રૂબરૂમાં આવી રેકર્ડ તપાસણી માટે અંગેનો પ્રસ્તાવ આપેલ હોવાનું, " જયારે મુદ્દા નં. ૪ પરત્વે " માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ અને કતલખાના ધ્વારા કોઈ ટેન્ડર બહાર પાડવામાં આવેલ ન હોય, માહિતી મામૂર છે " તે મુજબના પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, માર્કેટ વિભાગ ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર વિગેરે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

અરજદારશ્રીની તા.૨૪/૦૬/૨૦૨૦ ની અરજી (આઈ.ડી.નં.૯૪)થી માંગવામા આવેલ માહિતી બાબતે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે, જે મુજબ જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,માર્કેટ વિભાગ ધ્વારા ઉકત વિગતે સમયમર્યાદામાં પ્રસ્તાવ/પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોવાનું જણાય છે. જે મુજબ મુદ્દા નં.૧ માટે માર્કેટ અને કતલખાના માટે ફાળવેલ બજેટની વિગત પુરી પાડેલ હોવાનું જણાતું હોય અને મુદ્દા નં.૪ માટે માર્કેટ વિભાગ અને કતલખાના દ્વારા કોઈ ટેન્ડર બહાર પાડવામાં આવેલ ન હોય માહિતી " મામૂર " હોવાનું જણાવેલ હોય, સદર મુદ્દાઓ માટે વધુ કોઈ કાર્યવાહી કરવાની હોવાનું જણાતું નથી. મુદ્દા નં.૩ માટે અરજદારશ્રી ધ્વારા કોઈ નિશ્ચિત સમયગાળાની માહિતી માંગેલ ન હોય અને તે માહિતી વિસ્તૃત પ્રકારની હોવાનું જણાતું હોય, જાહેર માહિતી અધિકારી ધ્વારા પ્રસ્તાવ આપવામાં આવેલ, તેમ છતાં આર.ટી.આઈ. એકટનો હાર્દ હેતુ અને અરજદારશ્રીને માહિતી મળી શકે તે ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી દિન–૧૫ માં દફતરી તપાસનો પ્રસ્તાવ સ્વીકાર કરી માહિતી મેળવી લેવા અરજદારશ્રી સ્વતંત્ર છે, જયારે મુદ્દા નં.૨ પરત્વે પી.એ.ડી.ની માંગેલ નકલ માટે ઓન લાઈન સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી માહિતી મેળવી લેવા જણાવેલ, પરંતુ માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની જોગવાઈ મુજબ નકલ ફી ભરી માહિતી મેળવી લેવાનો પ્રસ્તાવ આપેલ હોવાનું જણાતું ન હોય, આ હુકમ મળેના દિન–૦૫માં વિના મુલ્યે અરજદારશ્રીને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને એડી.માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, માર્કેટ વિભાગને હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/આઉટ/
તા. /૦૯/૨૦૨૦

આરોગ્ય અધિકારી અને
એપલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી નં.SMC/PHD/FAP/55/2019,Dt.09/11/2019**

**મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ**

**અરજદાર :–**શ્રી હાર્દિક અણઘર.
**સામાવાળા :–**જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય)વિભાગ, સુરત મહાનગરપાલિકા.

**(૧)**અરજદારશ્રી ધ્વારા તા.૨૫/૦૮/૨૦૨૦ના રોજ પ્રથમઅપીલ અધિકારીશ્રી,સુરત મહાનગરપાલિકાને ઉદ્દેશીને કરવામાં આવેલ અપીલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકઝી. આસી. અને મેનેજર, નાગરિક સુવિધા કેન્દ્ર, (સે.ઝોન)ના પત્ર નં.સીસીસી/સી.ઝોન/આઉટ/૧૨૩, તા.૨૫/૦૮/૨૦૨૦થી અન્ય અપીલ અધિકારીશ્રીઓ સહિત અપીલ અધિકારી, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગને તબદીલ કરેલ હતી, જે અપીલ અરજી અત્રેના વિભાગમા ઈનવર્ડ નં.SMC/PHD/FAP/14/2020, તા.૨૭/૦૮/૨૦૨૦ થી નોંધાયેલ છે. અરજદારશ્રીની તા.૨૫/૦૮/૨૦૨૦ની અપીલ અરજીથી "સમયમર્યાદામાં સંપુર્ણ માહિતી આપેલ નથી" એમ જણાવી નારાજગી વ્યકત કરેલ છે.

**(૨)**અરજદારશ્રીની નમુના–'ક' ની મુળ અરજી, જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર સહિત તબદીલી પત્ર તથા ઉકત વિગતેની અપીલ અરજી તથા તેને સંલગ્ન પેપર્સોનો અભ્યાસ કરતા અરજદારશ્રીની તા.૧૮/૦૬/૨૦૨૦, (આઈ.ડી.નં.૧૩૨)થી જાહેર માહિતી અધિકારી અને તથા અન્ય લાગત વિભાગને ઉદ્દેશીને કરેલ અરજી જાહેર માહિતી અધિકારી અને એકસી. અસીસ્ટન્ટ, નાગરીક સુવિધા કેન્દ્ર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરાના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ/આઉટ/૧૩૨, તા.૧૯/૦૬/૨૦૨૦થી અન્ય વિભાગ સહિત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગને પણ આંશીક તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે, જે અરજીથી (૧) સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતાં કર્મચારી નંબર–૩૦૩૨૧ કંકુબેન ભાણાભાઈ ગુજરીયા કયાં વર્ષમાં નોકરી મેળવેલ છે તે વર્ષની પ્રથમ છ માસની સ્લિપની પ્રમાણિત નકલ આપશો (૨) સદર દર્શાવેલ કર્મચારી નોકરી મેળવવા કયા કયા દસ્તાવેજો ચકાસણી કરી નોકરી આપેલ છે તેની સંપુર્ણ માહિતી આપવી. (૩) સદર દર્શાવેલ કર્મચારી નોકરી સમયે કયું ધોરણ પાસ કરેલ હતું, તેની સંપુર્ણ માહિતીની ખરી નકલ આપશો. કયાં કયાં વર્ષે પ્રમોશન આપવામાં આવેલ હોય તે પ્રથમ છ (૬) માસની પગાર સ્લીપની નકલ આપવી.(૪) સદર દર્શાવેલ કર્મચારીની નોકરી મેળવેલની ઓર્ડરની નકલ આપવી વિગેરે કુલ–૧૨ મુદ્દાઓની માહિતીની માંગણી કરેલ હતી. જે અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/આઉટ/૧૪, તા.૨૪/૦૬/૨૦૨૦થી તથા જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી, વેસ્ટ(રાંદેર) ઝોન તથા જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી, નોર્થ(કતારગામ) ઝોનને અરજદારશ્રીની જાણ હેઠળ આંશિક/સંપુર્ણ તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે.તદૃઉપરાંત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/આઉટ/૨૩, તા.૦૨/૦૭/૨૦૨૦થી તેઓના વિભાગને લાગત મુદ્દા નં.૧(આંશીક) થી માંગેલ માહિતી પૈકી "અત્રેના વિભાગને લાગત કંકુબેન ભાણાભાઈ ગુજરીયા(કર્મ.નં.૩૦૩૨૧)ની નિમણુંકબાબતે જણાવવાનું કે તેઓની તા.૦૧/૧૦/૨૦૦૨ થી સફાઈ કામદાર તરીકે સુરત મહાનગરપાલિકાના વેસ્ટ ઝોન(રાંદેર) ખાતે નિમણુંક થયેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ પરથી જણાય છે" મુદ્દા નં. ૨ અને ૩(આંશીક) માંગેલ માહિતીબાબતે "અત્રે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં સદર કર્મચારીએ નોકરી મેળવવા માટેની અરજી સાથે શાળા છોડયાનું પ્રમાણપત્ર અને જાતિનો દાખલો રજુ કરેલ હોવાનું જણાય છે તથા શાળા છોડયાના પ્રમાણપત્રમાં કયા ધોરણમાં અભ્યાસ કરે છે અને કયારથીની કોલમમાં "ધોરણ–૧૦ અ માં ઓગષ્ટ–૮૫ થી" અને શાળા છોડયાનું કારણના કોલમમાં " મે–૮૬ ની ન્યુ એસ.એસ.સી. ની પરીક્ષામાં બેસવાથી" દર્શાવેલ છે.કંકુબેન ભાણાભાઈ ગુજરીયાએ નોકરી અંગેના અરજી ફોર્મમાં ૧૯૮૬ નાં વર્ષમાં ધોરણ–૧૦ ની પરીક્ષા પાસ કરેલ હોવાનું દર્શાવેલ છે." જયારે જેનાં દસ્તાવેજોની નકલ બાબતે જણાવવામાં આવેલ કે, આર.ટી.આઈ. એકટની કલમ ૮ (૧) (ઠ) મુજબ ત્રાહિતને લગતી કોઈ જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોય તેવી અથવા કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરુરી દખલ થાય તેવી અંગત જાણકારીને લગતી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહી તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.વધુમાં નામ.સુપ્રિમ કોર્ટના સ્પે.લીવ પીટીશન(લીવ પીટીશન) સીવીલ નં.૨૭૭૩૪/૧૨–શ્રી ગીરીશ રામચંદ્ર દેશપાંડે વિરુધ્ધ સેન્ટ્રલ ઈન્ફરમેશન કમિશનર અને અન્યોના કેસમાં પીટીશનર ધ્વારા ત્રાહિતને લગતી માંગવામા આવેલી માહિતીના સંદર્ભમાં ઉપરોકત કલમ ૮(૧)(ઠ) હેઠળ કરવામાં આવેલ ઈન્કાર સામેની અરજી ડીસમીસ કરવામાં આવેલ છે. આર.ટી.આઈ.એકટની ઉકત જોગવાઈ તથા નામ. સુપ્રિમ કોર્ટના ઉકત ચુકાદાને ધ્યાને લેતા આપના ધ્વારા માંગવામાં આવેલ ઉકત માહિતીની નકલ પુરી પાડવા જોગ જણાતી નથી, જયારે મુદ્દા નં. ૪ થી નકલ ફી ભરી માહિતી મેળવી લેવાનો પ્રસ્તાવ આપવામાં આવેલ હતો.

**(૩)** ઉકત પેરા–૧ ની વિગતે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારશ્રીને આપેલ પ્રત્યુત્તર/પ્રસ્તાવ પરત્વે સંપુર્ણ માહિતી આપેલ નથી તેમ જણાવી તા.૨૫/૦૮/૨૦૨૦ના રોજ પ્રથમ અપીલ કરેલ છે. અરજદારશ્રીની આર.ટી.આઈ.ની અરજી જાહેર માહિતી અધિકારી ધ્વારા અન્ય લાગત વિભાગને તબદીલ કરેલ હોય, જે અન્વયે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી પણ પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૧૩, તા.૩૧/૦૮/૨૦૨૦ના રોજ અપીલ અધિકારી અને આસી. કમિશ્નરશ્રી, નોર્થ(કતારગામ)ઝોન તથા અપીલ અધિકારી અને આસી. કમિશ્નરશ્રી, વેસ્ટ(રાંદેર)ઝોનને તબદીલ કરેલ હતી.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા અરજદારશ્રીની જાણ હેઠળ પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર સહ તબદીલી પત્ર વિગેરે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

—:: હુકમ ::—

અરજદારશ્રીની તા.૧૮/૦૬/૨૦૨૦, (આઈ.ડી.નં.૧૩૨)ની અરજીથી માંગવામા આવેલ માહિતી અન્વયે આર.ટી.આઈ.ની કલમ ૨(એફ), ૨(જે) હેઠળ અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ (આરોગ્ય) વિભાગ ધ્વારા મુદ્દા નં. ૫ થી ૧૨ ની માહિતી અન્ય જાહેર સત્તામંડળને લાગત જણાતા હોય, અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરેલ હોવાનું જણાય છે, જયારે તેઓના વિભાગને લાગત મુદ્દા નં. ૧(આંશીક), ૨, ૩(આંશીક) તથા ૪ની માહિતી સમયમર્યાદામાં આપવામાં આવેલ હોવાનું જણાય છે, જે મુજબ મુદ્દા નં.૪ પરત્વે નિયમોનુસાર ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા સમયમર્યાદામાં પ્રસ્તાવ રજુ કરેલ હોય, અરજદારશ્રી જો ઈચ્છુક હોય તો માહિતી અધિકાર અધિનિયમ—૨૦૦૫ ના નિયમ ૫(ખ)(૧) ની જોગવાઈ મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ પ્રસ્તાવ સ્વીકારી દિન—૧૫માં નિયમોનુસાર ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

અરજીના મુદ્દા નં.૨ અને ૩(આંશીક)પરત્વે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી આર.ટી.આઈ. એકટ હેઠળ પુરી પાડવા જોગ માહિતી આપવામાં આવેલ છે, પરંતુ સદર કર્મચારીએ નોકરી મેળવવા કયા કયા દસ્તાવેજો રજુ કરેલ તેની નકલ આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે તથા તેટલા પુરતી માહિતી આપવાનો ઈન્કાર કરવા સબબ વ્યાજબીપણું પ્રસ્થાપિત કરી, આર.ટી.આઈ.એકટની કઈ કલમ હેઠળ આ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે તે પણ આધાર સહિત સુચિત કરેલ હોય, જે તર્કસંગત જણાતું હોય, વળી સદર માહિતીમાં કોઈ જાહેર હિત સમાયેલું હોવાનું જણાતું ન હોય, પ્રસ્તુત બાબતે કોઈ હસ્તક્ષેપ કરવાનો રહેતો હોવાનું જણાતું ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર—૧૦/એ, ગાંધીનગરને દિન—૯૦ માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા.      /૦૯/૨૦૨૦

પર્સોનેલ ઓફિસર અને
એપેલેટ ઓફિસર
મધ્યસ્થ મહેકમ(આરોગ્ય)

# સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં.SMC/PHD/FAP/15/2020, Dt.04/09/2020
આરોગ્ય વિભાગ.

**અરજદાર** :–શ્રી અમૃતલાલ ચંદુલાલ મહુવાગરા.
**સામાવાળા**:–જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ, સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તા.૨૧/૦૮/૨૦૨૦ના રોજ અપીલ અધિકારીશ્રી, આરોગ્ય અધિકારીશ્રી અને અન્ય અપીલ અધિકારીશ્રીઓને ઉદૃેશીને પ્રથમ અપીલ અરજી કરેલ, જે અપીલ અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન ધ્વારા પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/ આર.ટી.આઈ./આ./૯૭, તા.૨૯/૦૮/૨૦૨૦થી અત્રેના વિભાગને અરજદારશ્રીની અપીલ અરજી અને નમુના–'ક'ની અરજી સામેલ રાખી આંશિક તબદીલ કરવામાં આવેલ છે. અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજીમાં "૩૦ દિવસની અંદર કોઈ ઝેરોક્ષ નકલ શોધીને આપી નથી" તેમ જણાવી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ, જે અત્રેના વિભાગને તા.૦૪/૦૯/૨૦૨૦ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

ઉકત અપીલ અરજી સાથે સામેલ તુમારોનો અભ્યાસ કરતાં અરજદારશ્રીની નમુના "ક" નીતા.૧૦/૦૭/૨૦૨૦ (આઈ.ડી.નં.૯૮)ની અરજીથી મુદ્દા નં.(૧) મોદી બેકર્સ, એલ–૧૦૭, કંચનજંગા કોમ્પલેક્ષ, ભટાર ચાર રસ્તા, સુરતમાં આવેલી દુકાનની ગુમાસ્તા લાઈસન્સ લેવા માટે જે ફોર્મ ભરીને વિગત ભરી તેની ઝેરોક્ષ નકલ આપો. દસ્તાવેજ પુરાવા રજુ કર્યા તેની સાથેની માહિતી ઝેરોક્ષ નકલ આપો. (૨) મોદી બેકર્સ, એલ–૧૦૭ દુકાનની ટેનામેન્ટ નં. વેરાબીલની ઝેરોક્ષ નકલ આપો.સાલ ૧૪–૧૫, ૧૫–૧૬, ૧૬–૧૭, ૧૭–૧૮, ૧૮–૧૯, ૧૯–૨૦. (૩) મોદી બેકર્સ, એલ–૧૦૭ દુકાનમાંથી લોકડાઉનમાં બે મહિના દુકાન બંધ રહેલ હતી. ત્યારબાદ બે મહિના પછી દુકાન તા.૦૧/૦૬/૨૦૨૦ના રોજ દુકાનમાંની માલ ખાવાની સામગ્રી, બિસ્કુટ, પડવાળી,ફરમાસ વિગેરે આરોગ્યને ખાવાની ચીજ–વસ્તુનું વેચાણ દુકાનમાંથી ગ્રાહકને આપતાં હતાં, તેમાં જીવ જંતુવાળુ બિસ્કુટ આપેલું હતું તેનું વૉટસપ પર ફોટા સહિત તેમની દુકાનમાંથી ખરીદ કરેલી હતી તેના દુકાનનો સ્થળ પરનો ફોટો, પેમ્ફલેટ સહિત હમો ફરિયાદ કરી હતી. તા.૦૩/૦૬/૨૦૨૦ અને તા.૦૯/૦૬/૨૦૨૦. ત્યારબાદ શું કાર્યવાહી તેમની સામે કરી તેની વિગતવાર માહિતીની ઝેરોક્ષ નકલ આપો. કેટલા કિલો માલનો નાશ કર્યો તેની વિગતની ઝેરોક્ષ નકલ આપી. તેમજ તેમને આપેલી નોટિસની ઝેરોક્ષ નકલ આપો. તેમની પાસેથી વસુલ કરેલો દંડની એસ.એમ.સી.ની દંડ ભરેલાની ઝેરોક્ષ નકલ આપો. ટુંકમાં તેમની સામે જે કોઈ કાર્યવાહી કાયદેસરની કરી તેની તમામ ઝેરોક્ષ નકલ આપો અને ફરિયાદ કર્યા પછી તેમની સામે શું કાર્યવાહી કરી તેની ઝેરોક્ષ ૩૦ દિવસની અંદર નકલ શોધીને આપવી. (૪) મોદી બેકર્સ, દુકાન નં. ૪૯, સાંઈ નગર સોસાયટી, ન્યુ સીટીલાઈટ રોડ, ભરથાણા, વેસુમાં દુકાનમાં ધંધો કરવા માટે ગુમાસ્તા લાઈસન્સ લેવા માટે જે ફોર્મ એસ.એમ.સી.નું ભરી દસ્તાવેજી પુરાવા રજુ કરી લેવા માટે ફોર્મની ઝેરોક્ષ નકલ આપો.દસ્તાવેજી પુરાવા સહિતની (૫) મોદી બેકર્સ, દુકાન નં. ૪૯ની વેરાબીલની ઝેરોક્ષ નકલ આપો. સને– ૧૫–૧૬, ૧૬–૧૭, ૧૭–૧૮, ૧૮–૧૯, ૧૯–૨૦.(૬) મોદી બેકર્સ, દુકાન નં. ૪૯માં લોકડાઉનમાં બે મહિના બંધ રહેલ હતી. તે દુકાનમાંથી કેટલા કિલો નાશ કર્યો તેની વિગતવાર માહિતીની ઝેરોક્ષ નકલ આપી એસ.એમ.સી.માંથી નોટિસ, દંડ વસુલાત કરેલી રસીદની ઝેરોક્ષ નકલ આપો. તેમજ જે કોઈ કાયદેસરની કાર્યવાહી લોકડાઉનના સમયમાં કરી તેની તમામેતમામની માહિતીની ઝેરોક્ષ નકલ આપો. (૭) મોદી બેકર્સ, દુકાન નં.૪, કૃષ્ણાધામ સોસાયટી, પ્રગતિનગર સર્કલ, પીપલોદ, સુરતમાં આવેલી દુકાનમાં ધંધો કરવા માટે ગુમાસ્તા લાઈસન્સ લેવા માટે જે એસ.એમ.સી.નું ફોર્મ ભરી દસ્તાવેજી પુરાવા સહિત ભરીને રજુ કરેલ હતું તેની તમામેતમામ વિગતની ઝેરોક્ષ નકલ આપો. (૮) મોદી બેકર્સ, દુકાન નં.૪ વેરાબીલની ઝેરોક્ષ નકલ આપો. સને– ૧૫–૧૬, ૧૬–૧૭, ૧૭–૧૮, ૧૮–૧૯, ૧૯–૨૦.(૯)મોદી બેકર્સ, દુકાન નં.૪, કૃષ્ણાધામ સોસાયટી, પ્રગતિનગર સર્કલ, પીપલોદ, સુરતમાં આવેલી દુકાનમાં લોકડાઉનના બે મહિના પડી રહેલા ખાદ્યસામગ્રી બિસ્કુટ, ખારી, ફરમાસ વિગેરે દુકાનમાંથી કેટલા કિલો નાશ કર્યો તેની વિગતવાર માહિતીની ઝેરોક્ષ નકલ આપી અને એસ.એમ.સી.માંથી અધિકારીએ તપાસ કરતાં આપેલી નોટિસ દંડ વસુલ કરેલાની રસીદની ઝેરોક્ષ તેમજ જે કંઈ કાયદેસરની કાર્યવાહી લોકડાઉનના સમયમાં કરી તેની ઝેરોક્ષ નકલ આપો. (૧૦) મોદી બેકર્સ, દુકાન નં. ૨–૩, સ્વસ્તિક પાર્કની બાજુમાં, શ્રી રામ મારબલ, અલથાણ, ભટાર રોડ,સુરતમાં દુકાનમાં ધંધો કરવા માટે ગુમાસ્તા લાઈસન્સ લેવા માટે જે એસ.એમ.સી.નું ફોર્મ દસ્તાવેજી પુરાવા સહિત રજુ કરેલાની ઝેરોક્ષ નકલ આપો. (૧૧) મોદી બેકર્સ, દુકાન નં. ૨–૩ વેરાબીલની ઝેરોક્ષ નકલ આપો. સને– ૧૫–૧૬, ૧૬–૧૭, ૧૭–૧૮, ૧૮–૧૯, ૧૯–૨૦. (૧૨) મોદી બેકર્સ, દુકાન નં. ૨–૩ લોકડાઉન બે મહિનામાં બંધ રહેલી હતી તે દુકાનમાંથી કેટલા કિલો ખાદ્ય સામગ્રી નાશ કર્યો તેની વિગતવાર માહિતીની ઝેરોક્ષ નકલ આપો. એસ.એમ.સી.માંથી નોટિસ, દંડ વસુલાત કરેલી રસીદની ઝેરોક્ષ નકલ તેમજ જે કંઈ કાયદેસરની કાર્યવાહી લોકડાઉનના સમયમાં કરી તેની તમામ માહિતીની ઝેરોક્ષ નકલ આપો. આમ કુલ–૧૨ મુદ્દાઓની માહિતી માંગેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની ઉકત પ્રથમ અપીલ અરજીના અનુસંધાનેજાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ પ્રતિ પુર્તતા રીપોર્ટ કે આપવા જોગ પુરક માહિતી અથવા અન્ય કોઈ રજુઆત હોય તો તે દિન–૦૩ માં અત્રેની કચેરીને મોકલી આપવા અત્રેના વિભાગ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/આરટીઆઈ/અપીલ/૧૪, તા.૦૫/૦૯/૨૦૨૦થી જણાવવામાં આવેલ, જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગ ધ્વારા પત્ર નં.પીએચડી/ફુડ/૮૫૯, તા.૧૪/૦૯/૨૦૨૦ના રોજ પુર્તતા રજુ કરી તેમાં જણાવ્યાનુંસાર ફુડ વિભાગને અરજદારશ્રીની નમુના "ક" નીતા.૧૦/૦૭/૨૦૨૦ (આઈ.ડી.નં.૯૮)ની અરજી આજદિન સુધી મળેલ ન હોય, ફુડ વિભાગ ધ્વારા અરજદારશ્રીને કોઈ પ્રત્યુત્તર પાઠવેલ નથી તેમ જણાવેલ હોવાનું જણાય છે.

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજીથી અરજદારશ્રી ધ્વારા કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડ વિભાગના પુર્તતા રિપોર્ટનેધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજી નિકાલ કરવામાં આવે છે.

## —:: હુકમ ::—

અરજદારશ્રીની નમુના "ક" નીતા.૧૦/૦૭/૨૦૨૦ (આઈ.ડી.નં.૯૮)ની અરજીથી માંગવામા આવેલ માહિતી સબબ ફુડ વિભાગને અરજીમળેલ ન હોવાનું જણાવેલ હોય પ્રથમ અપીલ અરજી અન્વયે ઉકત વિગતે સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન મારફત મળેલ અરજદારશ્રીની નમુના– 'ક'ની ઝેરોક્ષ અરજી આ સાથે સામેલ રાખવામાં આવેલ છે. જે અન્વયે સદર આર.ટી.આઈ. એકટની કલમ ૭(૬) અન્વયે અત્રેની જાણ હેઠળ દિન–૧૦માં અરજદારશ્રીને ફુડ વિભાગને લાગત મુદ્દાઓ પરત્વે વિનામુલ્યે માહિતી પુરી પાડવા/ પ્રત્યુત્તર પાઠવવા,જયારે અરજીના અન્ય મુદ્દાઓ માટે લાગત જાહેર સત્તામંડળને દિન–૦પમાં તબદીલ કરવા જાહેર માહિતી અધિકારી અને ચીફ ફુડ સેફટી ઓફિસર, ફુડવિભાગને હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય તો,ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન,રાજય કક્ષાની કચેરીઓ,બ્લોક નં.૧,બીજો માળ, નિર્માણ ભવનની પાછળ,સેકટર–૧૦/એ, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/પીએચ/અપીલ/
તા. /૦૯/૨૦૨૦

ડે.મ્યુ.કમિશ્નર(હે.અને હો.) અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા